RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 119* Date: 25.02.2021 Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

દુનિયાના સૌથી મોટા મોટેરા સ્ટેડિયમનું રાષ્ટ્રપતિએ ઉદ્ઘાટન કર્યું

મોટેરા સ્ટેડિયમઃ સરદાર પટેલ OUT, મોદી IN

અમદાવાદ,તા.૨૪

દુનિયાના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ એવા મોટેરાનું આજે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ઉદ્ઘાટન કરી દીધું છે. આ સ્ટેડિયમને નરેન્દ્ર મોદી સ્ટેડિયમ નામ આપવામાં આવ્યું છે. રાષ્ટ્રપતિએ સ્ટેડિયમનું ઉદ્ઘાટન કર્યું તે સાથે જ સ્ટેડિયમના ગેટ પર નરેન્દ્ર મોદી સ્ટેડિયમ નામના બોર્ડ લગાડી દેવામાં આવ્યા હતા. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને ગૃહમંત્રી અમિત શાહે સરદાર વલ્લભભાઈ પટેલ સ્પોર્ટ્સ એક્લેવનું ભૂમિપૂજન કર્યું હતું.

આજે સ્ટેડિયમના ઉદ્ઘાટનના કાર્યક્રમમાં રાષ્ટ્રપતિ ઉપરાંત, કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ, રમતગમત મંત્રી કિરણ રિજીજૂ, ડે. સીએમ નીતિન પટેલ પણ મંચ પર હાજર રહ્યા હતા.

કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે સ્ટેડિયમના ઉદ્ઘાટન પ્રસંગે જણાવ્યું હતું કે, અમદાવાદમાં ૨૩૩ એકર જમીન ઉભા થનારા સરદાર પટેલ સ્પોર્ટ્સ એક્લેવનો આ સ્ટેડિયમ એક ભાગ છે. નારણપુરામાં પણ ૧૮ એકર જમીન પર એક સ્પોર્ટ્સ એન્ક્લેવ બનશે. આમ, નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, સરદાર પટેલ સ્પોર્ટ્સ એક્લેવ અને નારણપુરાના સ્પોર્ટ્સ એક્લેવ થકી આંતરરાષ્ટ્રીય કક્ષાના રમતોત્સવનું આયોજન થઈ શકે તેવું વૈશ્વિક કક્ષાનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું થઈ શકશે. તેમાં કોમનવેલ્થ, એશિયાડ તેમજ ઓલિમ્પિક કક્ષાના રમતોત્સવ પણ આયોજિત કરી શકાશે. આ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું થયા બાદ અમદાવાદ દેશભરમાં સ્પોર્ટ્સ સિટી તરીકે ઓળખાશે.

અમિત શાહે જણાવ્યું હતું કે, ઓલિમ્પિકમાં રમાનારી તમામ રમતો રમાઈ શકે તેવી વ્યવસ્થા સરદાર પટેલ સ્પોર્ટ્સ એક્લેવમાં ઉભી કરવામાં આવશે. જેમાં ત્રણ હજાર ખેલાડીઓ રોકાઈ શકે તેવી સવલત પણ હશે. આ ઉપરાંત, સ્ટેડિયમમાં મેચ જોવા આવનારા લોકો માટે વિશાળ પાર્કિંગ પણ આ સ્ટેડિયમમાં ઉભું કરવામાં આવી રહ્યું છે. આંતરરાષ્ટ્રીય ઈવેન્ટનું આયોજન કરવા માટે તેના સ્ટાન્ડર્ડ અનુસાર, ૫૦ કિલોમીટરના વિસ્તારમાં જ તમામ વ્યવસ્થા ઉભી કરાશે. પીએમ મોદીએ સ્પોર્ટ્સને પ્રોત્સાહન આપવા ખેલો ઈન્ડિયા, ફિટ ઈન્ડિયા જેવા અભિયાન પણ શરુ કરાવ્યા છે તેવું જણાવતા અમિત શાહે જણાવ્યું હતું કે ખેલાડીઓ માટે સરકારે ડાયટિંગ, ટ્રેનિંગ સહિતના તમામ ક્ષેત્રે બધી વ્યવસ્થા ઉપલબ્ધ કરાવી છે, જેના પરિણામો હવે દેખાવા લાગ્યા છે.

અમિત શાહે વધુમાં કહ્યું કે, કોંગ્રેસે એમના શાસનમાં સરદારનું નામ ભૂલાય એવા કામ કર્યા. મોદીજીએ એવી વ્યસ્થા કરી કે સરદારનું નામ કોઈ ભૂંસી નહિ શકે. મોદીજીની પ્રેરણાથી સરદાર પટેલ સ્પોર્ટ્સ એક્લેવ બની રહ્યું છે. જે યુવાનો સાથે વર્ષો સુધી જોડાયેલું રહેશે. ૩૨૦૦ કરોડ સરકારી અને ૧૪૦૦ કરોડના ખર્ચે PPE મોડલની મદદથી અહીં ૪૬૦૦ કરોડનું સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ હશે. આ એક્લેવમાં હોકી સ્ટેડિયમ ધ્યાનચંદજીના નામથી બનશે. ૨૦૦૩ થી હું મોદીજી સાથે કામ કરૂં છું. મોદીજીએ હંમેશા કહ્યું છે કે રમતમાં જ્યાં સુધી યુવાનો આગળ નહીં આવે દેશ માટે કઈ નહિ કરી શકે.

નરેન્દ્ર મોદી સ્ટેડિયમના ઉદ્ઘાટન પ્રસંગે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે જણાવ્યું હતું કે, રમતગમતની સવલતોનો વિકાસ ખૂબ જ મહત્વપૂર્ણ છે, અને તેનાથી પણ વધુ મહત્વપૂર્ણ છે કે વ્યાપક સ્તર પર પ્રતિભાશાળી ખેલાડીઓ તેનો લાભ ઉઠાવી શકે. ફેસિલિટીની સાથે એક્સેસ ટુ ફેસિલિટી બંને જરુરી છે. સારું સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સ્પોર્ટ્સમાં ઉત્કૃષ્ટતા કોઈપણ દેશના વિકાસના માપદંડ હોય છે. રાષ્ટ્રપતિએ આજથી શરુ થનારી ભારત વિરુદ્ધ ઈંગ્લેન્ડની મેચ માટે પણ તમામ ખેલાડીઓને શુભેચ્છા આપી હતી.

આ સ્ટેડિયમમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ડે-નાઈટ ટેસ્ટ રમાઈ રહી છે. સ્ટેડિયમમાં સવા લાખ લોકો એક સાથે બેસી શકે તેવી વ્યવસ્થા છે. સ્ટેડિયમનું ઉદ્ઘાટન થતાં જ મેચ જોવા આવેલા હજારો પ્રેક્ષકોની લાંબી-લાંબી લાઈનો લાગી ગઈ હતી. જોકે, કોરોનાને ધ્યાનમાં રાખતા સ્ટેડિયમની ક્ષમતાની અડધી ટિકિટનું જ વેચાણ કરાયું છે. નવા મોટેરા સ્ટેડિયમમાં રમાનારી પહેલી મેચ જોવા આવેલા લોકોમાં પણ અજબનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. કેટલાક લોકો ટ્રેડિશનલ ગુજરાતી કપડાં પહેરીને સ્ટેડિયમ પર આવી પહોંચ્યા હતા, તો બીજી તરફ ભારતનો ધ્વજ લઈને પણ અનેક લોકો સ્ટેડિયમની બહાર જોવા મળ્યા હતા. માત્ર અમદાવાદ જ નહીં, પરંતુ બહારગામના લોકો પણ મેચ જોવા માટે આવી પહોંચ્યા હતા.

સરકારનો મોટો નિર્ણયઃ ૧ માર્ચથી બીજા ફેઝની શરૂઆત

૬૦ વર્ષથી ઉપરના લોકોને સરકાર ફ્રીમાં કોરોના વેક્સિન આપશે

ન્યુ દિલ્હી,તા.૨૪

કેન્દ્ર સરકારે બુધવારે કોરોના વેક્સિન વિશે એક મોટા નિર્ણયની જાહેરાત કરી છે. સરકારે કહ્યું છે કે, ૪૫ વર્ષથી ઉપરના બીમાર અને ૬૦ વર્ષથી ઉપરના દરેક લોકોને સરકારી કેન્દ્ર પર ફ્રીમાં વેક્સિન આપવામાં આવશે. કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે જણાવ્યું કે, ૧૦ હજાર સરકારી અને ૨૦ હજાર ખાનગી હોસ્પિટલોમાં વેક્સિનેશન ૧ માર્ચથી શરૂ થશે. દેશમાં ૧૦ કરોડ ૪૦ લાખ લોકોની ઉંમર ૬૦ વર્ષ કરતાં વધારે છે. જાવડેકરે કહ્યું કે, સરકારી કેન્દ્રો સિવાય ખાનગી હોસ્પિટલમાં વેક્સિનેશન માટે ચાર્જ આપવો પડશે. જે લોકો ખાનગી હોસ્પિટલમાં વેક્સિન લેવા માંગે છે તે લોકો એ ચાર્જ ચૂકવવો પડશે. આગામી ૩-૪ દિવસોમાં સ્વાસ્થય મંત્રાલય આ વિશે નિર્ણય લેશે કે કાનગી હોસ્પિટલમાં વેક્સિનેશન માટે કેટલી ફી ચૂકવવી પડશે. સ્વાસ્થય મંત્રાલય આ વિશે મેન્યુફેક્ચર્સ અને હોસ્પિટલો સાથે વાત કરી રહ્યા છે. દુનિયામાં ઘણાં દેશોએ, ખાસ કરીને ચીને ગયા વર્ષે જૂનમાં અને રશિયાએ ઓગસ્ટમાં વેક્સિનેશન શરૂ કરી દીધું છે. જ્યારે અમેરિકા, બ્રિટન સહિત મોટાભાગના દેશોએ ડિસેમ્બરમાં વેક્સિનેશનની શરૂઆત કરી છે. ભારતમાં ૧૬ જાન્યુઆરીથી વેક્સિનેશન શરૂ થયું છે. ૨૨ ફેબ્રુઆરી સુધીમાં સમગ્ર દુનિયામાંથી ૨૧ કરોડ લોકોને વેક્સિનેટ કરી દેવામાં આવ્યા છે. સૌથી વધારે અમેરિકામાં ૬.૪૧ કરોડ લોકોને વેક્સિન આપવામાં આવી ચે. ત્યારપછી ચીનમાં ૪.૦૫ કરોડ, યુરોપીય સંઘમાં ૨.૭ કરોડ, યુકેમાં ૧.૮ કરોડ અને પછી ભારતમાં ૧.૧૯ કરોડ લોકોને વેક્સિન આપવામાં આવી છે.

કોરોના કહેરઃ દસ રાજ્યોમાં ટીમ મોકલશે કેન્દ્ર સરકાર

ન્યુ દિલ્હી,તા.૨૪

દેશમાં કોરોના મહામારીએ ફરીવાર માથુ ઉંચકતા કેન્દ્ર સરકારે પ્રભાવિત દસ રાજ્યોમાં કેન્દ્રિય ટીમ મોકલાવાનો નિર્ણય કર્યો છે. આ રાજ્યોમાં મહારાષ્ટ્ર, કેરળ, છત્તીસગઢ, મધ્ય પ્રદેશ, ગુજરાત, પંજાબ, કર્ણાટક, તમિલનાડૂ, પશ્ચિમ બંગાળ અને જમ્મુ-કાશ્મીર સામેલ છે. આ દસ રાજ્યોમાં કોરોના સંક્રમણની સ્થિતિ ગંભીર બનતી જોવા મળી રહી છે.

અચાનક વધી રહેલા કોરોના સંક્રમણના કેસને લઈને કેન્દ્ર સરકારે મંગળવારે સાંજે ઉચ્ચસ્તરીય બેઠક પણ યોજી હતી અને આ પહેલા કેન્દ્ર સરકારે તમામ રાજ્ય સરકારોને દૈનિક સ્તરે RT-PCR ટેસ્ટિંગ વધારવાની સૂચના આપી હતી.

નોંધનીય છે કે, દેશમાં કોરોના સંક્રમણના વધતાં કેસને મુદ્દે દેશના કેટલાક રાજ્યોમાં કોવિડ પ્રતિબંધો ફરીવાર લાગૂ કરાયા હતા. હાલમાં મહારાષ્ટ્ર અને કેરળમાં ગંભીર સ્થિતિ બની રહી છે. મહારાષ્ટ્ર સરકારે તો પહેલા મુખ્ય શહેરોમાં રાત્રિ કર્ફ્યુ લગાવી ચૂકી છે, અહીં કેટલાક શહેરોમાં શાળા કોલેજો બંધ કરવાના આદેશ આપી દેવાયા હતા. તેમજ કોવિડ નિયમોનું કડક પાલન કરવાની સૂચના પણ વારંવાર આપવામાં આવી રહી છે. આ સિવાય સ્વાસ્થ મંત્રાલયના એક અધિકારી મુજબ પંજાબ, છત્તીસગઢ અને મધ્ય પ્રદેશમાં કોરોના સંક્રમણના દૈનિક સ્તરે કેસમાં ચિંતાજનક ઉછાળો નોંધાયો હતો.

સુપ્રીમ કોર્ટનો ક્રાંતિકારી ચુકાદો

હિન્દૂ મહિલા પિતાના પરિવારને પોતાની સંપત્તિમાં ઉત્તરાધિકારી બનાવી શકે છે

ન્યુ દિલ્હી,તા.૨૪

સંપત્તિમાં વારસદારને દેશની સર્વોચ્ચ અદાલતે મહત્વનો ચુકાદો સંભળાવ્યો છે. જેમાં હિન્દુ મહિલાના પિતાની તરફથી આવત લોકો તેમની સંપત્તિમાં વારસદાર ગણી શકાય છે. બીજી તરફ આ પરિજનોને પરિવારથી બહારના વ્યક્તિઓ તરીકે ગણી શકાય નહીં, તેઓ હિન્દુ ઉત્તરાધિકાર અધિનિયમની કલમ ૧૫.૧.૬ ના કાર્યક્ષેત્ર હેઠળ આવશે અને સંપત્તિનો વારસદાર પણ ગણાશે.

સુપ્રિમ કોર્ટે પોતાના આ નિર્ણયમાં જણાવ્યું કે મહિલાના પિતાની તરફના કુટુબીજનો હિન્દુ ઉત્તરાધિકાર અધિનિયમની કલમ ૧૫.૧.૬ ની હેઠળ આવશે. જસ્ટિસ અશોક ભૂષણની ખંડપીઠે જણાવ્યું કે કલમ ૧૩.૧.૬ને સાંભળીને સ્પષ્ટ કર્યું છે કે પિતાના ઉત્તરાધિકારીઓને વારસદાર માનવામાં આવ્યા છે. જે સંપતિ મેળવનાર હકદાર છે, પરંતુ જ્યારે મહિલાના પિતાની તરફના કુંટુંબીજનોન શામેલ કરવામાં આવવામાં છે. જે સંપત્તિને પ્રાપ્ત કરી શકે છે. તો આ પરિસ્થિતિમાં એવું ના રહી શકાય કે તેઓ પરિવાર માટે અજાણ્યા લોકો છે, અને મહિલાના પરિવારના સભ્યો નથી.

કોર્ટે આ વ્યવસ્થા એક એવા મામલામાં આપી છે, જેમાં જગ્નો નામની એક મહિલાને તેના પતિની સંપત્તિ મળી હતી. પતિનું ૧૯૫૩માં મોત થઈ ગયું હતુ. તેનું કોઈ સંતાન ન હતુ. તેથી કૃષિ સંપત્તિનો અડધો હિસ્સો પત્નીને મળ્યો હતો. ઉત્તરાધિકાર કાયદા, ૧૯૫૬ બન્યા બાદ ધારા ૧૪ અનુસાર, પત્ની સંપત્તિની એકમાત્ર પૂર્ણ વારસદાર બની ગઈ. તે બાદ જગ્નોએ આ સંપત્તિ માટે એક એગ્રીમેંટ કર્યુ અને સંપત્તિ પોતાના ભાઈના પુત્રોના નામે કરી દીધી. તે બાદ તેના ભાઈના દિકરાઓએ ૧૯૯૧માં સિવિલ કોર્ટમાં કેસ કર્યો કે તેને મળી સંપત્તિની માલિકી તેમના પક્ષમાં ઘોષિત કરવામાં આવે. જગ્નોએ તેનો વિરોધ ન કર્યો અને પોતાની ભલામણ આપી દીધી.

સુપ્રીમ કોર્ટે હિન્દૂ ઉત્તરાધિકાર કાનૂનની ધારા ૧૫.૧ડીની વ્યાખ્યા કરી અને કહેવામાં આવ્યું છે કે હિન્દૂ મહિલાના પિતા તરફથી આવેલ પરિજન અજાણ્યા નથી, તેઓ પણ પરિવારનો જ હિસ્સો છે. કાનૂનમાં આવેલ શબ્દ પરિવારને સંકીર્ણ અર્થ આપી નહિ શકાય, અને વિસ્તારિત અર્થમાં જોવું પડશે, જેમાં હિન્દૂ મહિલાનો પરિવાર પણ સામેલ હશે. કોર્ટે સાથે એ પણ સ્પષ્ટ કર્યુ કે એવી સંપત્તિ જેમાં પહેલાથી અધિકાર સૃજિત છે, એના પર જો કોઈ સંસ્તુતિ ડિક્રી હોય છે તો એને રજીસ્ટ્રેશન એક્ટની ધારા ૧૭.૨ હેઠળ પંજીકૃત કરાવવાની જરૂરત નથી.

કેજરીવાલ સરકારે લીધો મોટો નિર્ણય

કોરોના રિપોર્ટ નેગેટિવ આવ્યા બાદ જ પાંચ રાજ્યોના લોકોને દિલ્હીમાં પ્રવેશ મળશે

ન્યુ દિલ્હી,તા.૨૪

કોરોનાના કેસ ફરી એકવાર વધતા દિલ્હી સરકાર સાવધ બની છે. દિલ્હીમાં કોરોના વાયરસના સંકટને જોતાં મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. હવેથી દેશના પાંચ રાજ્યોમાંથી દિલ્હી આવતા લોકોએ કોરોના વાયરસનો ટેસ્ટ કરાવવાનો રહેશે. જે નેગેટિવ આવ્યા બાદ જ તેમને રાજધાનીમાં એન્ટ્રી આપવામાં આવશે. જે ૫ રાજ્યોના લોકો પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે તેમાં મહારાષ્ટ્ર, કેરળ, છત્તીસગઢ, મધ્ય પ્રદેશ અને પંજાબથી દિલ્હીઆવતા લોકોનો સમાવેશ થાય છે. આ લોકો કોરોના વાયરસના ટેસ્ટમાં નેગેટિવ થયા બાદ એન્ટ્રી આપવામાં આવશે.

છેલ્લા એક સપ્તાહમાં દેશમાં કોરોના વાયરસના કેસમાં વધારો થઈ રહ્યો છે. તેમાં ૮૬ ટકા કેસ આ પાંચ રાજ્યોમાંથી જ સામે આવી રહ્યા છે. જેને ધ્યાનમાં રાખીને દિલ્હી સરકાર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. દિલ્હી સરકારનો આ નિર્ણય ૨૬મી ફેબ્રુઆરીની અડધી રાતથી લઈને ૧૫ માર્ચ સુધી લાગુ રહેશે. આ આદેશ ફ્લાઈટ, ટ્રેન અને બસથી દિલ્હી આવતા લોકો પર લાગુ પડશે. કારથી દિલ્હી આવતા લોકોને આ નિયમમાંથી બહાર રાખવામાં આવ્યા છે.

પદેશમાં કોરોના વાયરસના કેસમાં ધીમે ધીમે ફરી વધારો જોવા મળી રહ્યો છે. સૌથી વધારે ચિંતા મહારાષ્ટ્રે વધારી છે જ્યાં કોરોના વાયરસની પરિસ્થિતિ બેકાબૂ હોય તેવી પરિસ્થિતિ છે. જોકે હવે વધુ એક રાજ્યએ વધતાં કેસને જોતાં પહેલી માર્ચથી નવી ગાઈડલાઈન લાગુ કરી દેવાનો નિર્ણય કર્યો છે. પંજાબમાં વધતાં કેસને જોતાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.

પંજાબમાં હવે ઈન્ડોર જગ્યાઓ પર ૧૦૦થી વધારે લોકોને એકઠા થવા પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે જ્યારે ખુલ્લી જગ્યા પર ૨૦૦ લોકોને ભેગા થવાની પરવાનગી આપવામાં આવશે. સરકારે બધા જ ડિસ્ટ્રિક્ટ કમિશનરને આદેશ આપ્યા છે કે તે પોતાના જિલ્લાઓમાં હોટસ્પોટ વિસ્તારોને અંક્તિ કરે છે અને જરૂર પડે તો નાઈટ કર્ફ્યૂ પણ લગાવી શકાય છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યાઃ૩૮૦

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૬૮૧૪૭

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૦૧

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૨૯૬

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૬૧૯૭૧

તંત્રી સ્થાનેથી...

દેશમાં કોરોના વધવા સાથે "સ્ટ્રેન" પણ દેખાયોઃ કોરોના ફરી ત્રાટકશે કે શું...?

દેશમાં કોરોના કેસોમાં ધીરી ગતિએ વધારો થવા લાગ્યો છે તે સાથે દેશમાં બ્રિટિશ, બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકાના નવા કોરોના (સ્ટ્રેન)નો પણ પ્રવેશ થઈ ગયો છે અને ત્રણ રાજ્યોમાં ૧૮૭ જેવા કેસો સામે આવ્યા છે. નવો સ્ટ્રેન ઝડપથી ફેલાવા સાથે ઘાતક હોવાનું નિષ્ણાતો કહી રહ્યા છે. દેશમાં નવા કોરોના (સ્ક્રેન)ના કેસ મહારાષ્ટ્ર, કેરળ અને તેલંગણામાં સામે આવ્યા છે. આવા સમયે દેશના પાંચ રાજ્યો પશ્ચિમ બંગાળ, તમલનાડુ, કેરળ અને પુડુચેરી રાજ્યોની વિધાનસભાની ચૂંટણીઓ યોજવા ચૂંટણીપંચની બેઠક મળી રહી છે જે બેઠકમાં પાંચ રાજ્યોની ચૂંટણીના કાર્યક્રમ બાબતે નિર્ણય લઈને તેની પછીથી જાહેરાત કરવામાં આવશે. દેશભરમાં કોરોનાના ૧૩,૪૬૫ નવા કેસ સામે આવતા કુલ કોરોના કેસનો આંક ૧,૧૦, ૨૯,૩૨૬ પર પહોંચી ગયો છે.જ્યારે કે સઘન સારવાર હેઠળ ૧,૪૪,૦૨૭ કોરોના દર્દી છે છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૦ વ્યક્તિના મોત થતાં કુલ મૃત્યુ આંક ૧,૫૬,૫૯૮ થયો છે જેની સામે દેશભરમાં વધુ સાજા થનારની સંખ્યા ૧૩,૬૫૯ થતા સાજા થવાની સંખ્યા ૧,૦૭,૨૪,૧૪૬ પર પહોંચી ગઈ છે. અને આવા સમયે નિષ્ણાતોના જણાવ્યા અનુસાર કોરોના માંથી સાજા થનારા માટે ડાયાબિટીસ થવાનો ખતરો વધે છે. બીજી તરફ મહારાષ્ટ્ર, કેરળ અને તેલંગણામાં નવો કોરોના (સ્ટ્રેન)ના કેસ સામે આવતા કેન્દ્ર અને રાજ્ય સરકારો સતર્ક થઈ ગઈ છે. જેમાં દિલ્હીમાં પ્રવેશ કરતાં પહેલાં મહારાષ્ટ્ર, છત્તીસગઢ, મધ્યપ્રદેશ અને પંજાબથી આવનારાઓએ કોરોના નેગેટીવ રીપોર્ટ બતાવવો ફરજિયાત કરી નાખ્યો છે, તો મધ્યપ્રદેશે મહારાષ્ટ્રમાથી આવનારાઓ માટે થર્મલ તપાસ ફરજિયાત કરી છે, કર્ણાટક રાજ્યએ મહારાષ્ટ્ર સહિતના કોરોના અસરગ્રસ્ત રાજ્યોમાંથી આવનારાઓ માટે ટેસ્ટ અનેસ્કેનિગ ફરજીયાત કર્યા છે. જ્યારે ગુજરાતમાં કોરોનાના ૩૫૦ થી વધુ કેસ સામે આવ્યા છે ત્યારે ગુજરાત સરકારે વલસાડ ખાતે મહારાષ્ટ્રના અમરાવતીમાંથી આવનારનું સઘન મેડિકલ ચેકઅપ શરૂ કરી દીધું છે. મહારાષ્ટ્રના મુંબઈ શહેરમાં કોરોના કેસો વધતા આશરે ૧૩૦૦ થી વધુ બિલ્ડીંગનો સીલ કરવા સાથે કોરોના નિયમોનો કડકાઇથી અમલ શરૂ કરી દેવામાં આવ્યો છે. જો કે મહારાષ્ટ્ર રાજ્ય સરકારના ૬૦% મંત્રી કોરોનાની ચપેટમાં આવી ગયા છે... ત્યારે લોકો એટલું જ કહેછે કે કોરોનાના નિયમો આમ પ્રજાએજ નહી પરંતુ રાજનેતાઓ અને નેતાઓએ પણ પાળવા જરૂરી છે.. કારણ કોરોના માટે કોઈપણ વ્યક્તિ વીઆઈપી નથી.....!

અમેરિકામાં કોરોનાએ ૫ લાખથી વધુ લોકોને મોતના મુખમાં ધકેલી દેતા અમેરિકાએ ૫ દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કરીને અડધી કાઠીએ ધ્વજ ફરકાવી દીધો છે. ભારતમાં જે તે રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ યોજાઈ ગઈ જેમાં ચૂંટણી પ્રક્રિયા શરૂ થવાથી લઈને પરિણામો આવતા સુધી જાહેર સભાઓ,રેલીઓ,મતદારોની મુલાકાતે ઉમેદવારો, નેતાઓ કાર્યકરો મોટી સંખ્યામાં ઉમટી પડતા હતા પરંતુ કોરોના નિયમોનુ ક્યાય પણ કોઈ પણ રાજકીય પક્ષોએ કે તેના લોકોએ કોરોના નિયમોનું પાલન કરતા ન હતા....તો જે તે રાજ્યના તંત્રને રાજકીય કાર્યક્રમોમાં કોરોના નિયમ ભંગ કરનાર દેખાયા જ નહી.....!જેને આશ્ચર્ય સર્જ્યું છે....! કોરોના પોઝીટીવ વ્યક્તિને ૧૪ દિવસ માટે ક્વોરેન્ટાઈન કરવામાં આવે છે કે થવુ પડે છે.... પરંતુ તેમાં રાજકીય નેતાઓ- રાજનેતાઓ બાકાત હોય તેમ...તેવો જાહેર કાર્યક્રમમાં હાજરી આપે છે ત્યારે લાગે છે કે આ બધા કોરોના ફેલાય તેવું ઈચ્છે છે કે શું.....? તેવી ગપસપ આમ જાગૃત લોકોમા ફરી વળી છે....!

મહારાષ્ટ્રમાં વકરતો કોરોનાઃ પોલીસને વર્ક ફ્રોમ હોમના આદેશ અપાયા

મુંબઈ,તા.૨૪

મહારાષ્ટ્રમાં કોરોના વાયરસના વધતા કેસ જોતા હવે મુંબઈ પોલીસમાં પણ વર્ક ફ્રોમ હોમની શરૂઆત થઈ રહી છે. મહારાષ્ટ્ર પોલીસના ડીજીપી તરફથી આ અંગે આદેશ બહાર પાડવામાં આવ્યો છે. અત્રે જણાવવાનું કે છેલ્લા ૧૦ દિવસથી મહારાષ્ટ્રમાં કોરોના વાયરસના કેસ વધી રહ્યા છે અને લગભગ ૪૭ હજાર નવા કેસ સામે આવ્યા છે.

આદેશ મુજબ ક્લાસ એ અને બીના અધિકારીઓની ૧૦૦ ટકા હાજરી જરૂરી છે. ત્યારબાદ પોલીસ કાર્યાલયમાં કામ કરનારા ક અને ડ ગ્રુપ એટલે કી સી અને બી વર્ગના કર્મચારીઓની હાજરી ૫૦ ટકા કરવામાં આવી છે જેમાં ૨૫ ટકા સવારે ૯ થી સાંજે ૪ વાગ્યા સુધી બોલાવવામાં આવ્યા છે અને બાકીના ૨૫ ટકા સવારના ૧૧ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી બોલાવવામાં આવ્યા છે. કોને કામ પર બોલાવવાના છે તેનો નિર્ણય પોલીસ સ્ટેશનમાં હાજર પોલીસ અધિકારી લેશે. બાકીના બચેલા કર્મચારી વર્ક ફ્રોમ હોમ કરશે અને ફોન પર ઉપસ્થિત રહેશે. જેમને જરૂર પડ્યે બોલાવી શકાય.

કોરોનાના ૨ નવા વેરિએન્ટ પકડમાં આવ્યા છે. કેન્દ્ર સરકારે Indian Sars-Cov-2 Genomics Consortium નામથી કમિટી બનાવી હતી. આ કમિટીએ ભારતમાં ૩૫૦૦ સેમ્પલ જોયા. જેમાંથી પહેલા યુકે વેરિએન્ટના ૧૮૭ કેસ જોવા મળ્યા. બીજો સાઉથ આફ્રિકા વેરિએન્ટ ૬ લોકોમાં જોવા મળ્યો. ત્રીજો બ્રાઝિલવાળો સ્ટ્રેન વેરિએન્ટ ૧ વ્યક્તિમાં જોવા મળ્યો. આ ઉપરાંત મહારાષ્ટ્રમાં ચોથા અને પાંચમા બે નવા વેરિએન્ટ મળ્યાની પુષ્ટિ થઈ છે. આ જ રીતે અત્યાર સુધીમાં કુલ ૫ વેરિએન્ટ પકડમાં આવ્યા છે.

મહારાષ્ટ્રમાં અનેક શહેરોમાં કોરોના વાયરસના કેસોમાં આવેલા ઉછાળા બાદ યવતમાલ, અમરાવતી, અને અચલપુરમાં લોકડાઉનની જાહેરાત થઈ છે. અમરાવતી અને અચલપુરમાં સંપૂર્ણ લોકડાઉન લાગ્યું છે. જે ૧ માર્ચ સવારે ૮ વાગ્યા સુધી લાગુ રહેશે. યવતમાલ, અકોલા અને અકોટમાં ૧ માર્ચ સવાર ૬ વાગ્યા સુધી સંપૂર્ણ લોકડાઉન રહેશે.

જો કે આ જિલ્લાઓમાં ઈમરજન્સી સેવાઓ ચાલુ રહેશે. પુના અને નાસિકમાં રાતે ૧૧ વાગ્યાથી સવારે ૬ વાગ્યા સુધી નાઈટ કરફ્યૂ લગાવવામાં આવ્યો છે. પુનામાં ૨૮ ફેબ્રુઆરી સુધી શાળા કોલેજો બંધ રખાઈ છે. આ ઉપરાંત નાગપુરમાં શાળા કોલેજ અને ટ્યૂશન સેન્ટર ૭ માર્ચ સુધી બંધ કરાયા છે. માર્કેટ ફક્ત શનિવાર અને રવિવારે ખુલશે.

ખાનગી ક્ષેત્રની બેક્રોને સરકારી કામકાજ કરવાની મંજૂરી મળી

ન્યુ દિલ્હી,તા.૨૪

કેન્દ્રમાં મોદી સરકારે ખાનગી બેક્રો પર સરકારી કામકાજ કરવા પર લાગેલા પ્રતિબંધને હટાવી લીધો છે. આ અંગે નાણાં મંત્રી નિર્મલા સીતારમણે બુધવારે ટ્વીટ કરી માહિતી આપી હતી, તેમણે ટ્વીટ દ્વારા જણાવ્યું હતું કે હવેથી ખાનગી બેક્રો ભારતના અર્થતંત્રના વિકાસમાં સરકારી બેક્રોની જેમ જ મહત્વનો ફાળો આપી શકશે.

નાણાં મંત્રીએ આ અંગે આગળ જણાવ્યું હતું કે, આ નિર્ણયથી સરકારની સામાજીક કલ્યાણની યોજનાઓનો વિસ્તાર બહોળો થશે અને ગ્રાહકોની સુવિધામાં વધારો થશે. ખાનગી બેક્રો પર સરકારી કામકાજ ન કરવાના પ્રતિબંધ હટવાથી સરકાર સાથે સંકળાયેલા બેઙ્કિંગમાં ટેક્સ કલેક્શન, મહેસૂલ સંબંધિત લેવડ-દેવડ, પેન્શન ચૂકવણી અને કિસાન બચત પત્ર જેવી નાની બચત યોજનાઓમાં પણ ખાનગી બેક્રો દ્વારા રોકાણ આવશે. તેમના જણાવ્યા મુજબ ઈઁ આગામી સમયમાં અન્ય સરકારી કામકાજના સંચાલનની મંજૂરી પણ ખાનગી ક્ષેત્રની બેક્રોને સોંપી શકે છે.

નાણાં મંત્રીની આ જાહેરાત સાથે જ નિફ્ટી બેક્ર ઇન્ડેક્સમાં જોરદાર ઉઠાળો આવતા ૩૬,૪૯૩ પર પહોંચી ગયો હતો. આ સાથે ખાનગી ક્ષેત્રની બેક્રો જેવી કે એક્સિક બેક્ર, આઇસીઆઇસીઆઇ અને એચડીએફસીના શેરમાં ૪થીપ ટકાનો ઉછાળો આવ્યો હતો.

યમુના એક્સપ્રેસ વે પર ટેન્કર કાળ બની કાર પર ફરી વળ્યું, ૭નાં મોત

મથુરા,તા.૨૪

આગ્રા-દિલ્હી યમુના એક્સપ્રેસ વે પર ફરી એક વાર દુઃખદ અકસ્માત સર્જાયો હતો. મંગળવારે મોડીરાતે એક હાઇ સ્પીડ ટેક્કર બેકાબૂ થઈને ઈનોવા કાર પર પલટી ખાઈ ગયું હતું. ઘટનાસ્થળે જ ૨ મહિલાઓ સહિત કારમા સવાર તમામ ૭ લોકોનાં મોત નીપજ્યાં હતાં. અકસ્માતની જાણ થતાં જ પોલીસ એક્સપ્રેસ વેના જવાનો સહિતની રેસ્ક્યુ ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. આ અકસ્માત મથુરા-અલીગઢ બોર્ડર પર સ્થિત થાણા નૌજિલ વિસ્તારના માઇલ સ્ટોન ૬૮ નજીક બન્યો હતો. મૃત્યુ પામેલા લોકો હરિયાણાના જીંદના રહેવાસી હતા.

મળતી માહિતી મુજબ નોઇડા તરફથી આવતું ટેક્કર બેકાબૂ થઈ ગયું હતું અને ડિવાઇડર તોડી બીજી બાજુ ઈનોવા કાર પર પલટી ખાઈ ગયું હતું. ઇનોવામાં સવાર લોકો નોઈડા તરફ જઈ રહ્યા હતા. અકસ્માત એટલો ગંભીર હતો કે કારના તમામ સાત મુસાફરોનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માત એટલો ભયંકર હતો કે, કારના કચ્ચરઘાણ વળી ગયો હતો.

અકસ્માતમાં ગામના સફિદોન, જીંદના રહેવાસી મનોજ, બબીતા, અભય, હેમંત, કલ્લુ, હિમાદ્રી અને ડ્રાઇવર રાકેશનું મોત નીપજયું હતું. અકસ્માતની જાણ થતાં જ પોલીસ અને એક્સપ્રેસ વેના જવાનો અને બચાવ ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. ડીએમ નવનીત ચહલ અને એસએસપી ગૌરવ ગ્રોવર પણ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને કારમાં ફસાયેલા લોકોને બહાર કાઢવાની કામગારી હાથ ધરવામાં આવી હતી.

અકસ્માત બાદ યમુના એક્સપ્રેસ વે પરથી પસાર થતાં અન્ય વાહનચાલકો પણ એકઠા થઈ ગયા હતા. પોલીસે મૃતદેહોના કારમાંથી બહાર કાઢીને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ મોકલવાની સહિતની કાર્યવાહી હાથ ધરી છે. જણાવી દઈએ કે, અગાઉ પણ ગાઢ ધૂમ્મસને કારણે યમુના એક્સપ્રેસ વે પર કાર ટ્રકમાં ઘૂસી ગઈ હતી. જેમાં ૬ જેટલા લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા.

શેરબજારમાં તેજીઃ સેન્સેક્સ ૧૦૩૦ પોઈન્ટ ઉછળી ૫૦ હજારની સપાટી કૂદાવી

મુંબઈ,તા.૨૪

બપોર બાદના સત્રમાં ફ્રન્ટલાઈન શેરોમાં વ્યાપક પ્રમાણમાં ખરીદી નિકળતા ભારતીય શેરબજારમાં ૧,૦૩૦ પોઈન્ટનો ઉછાળો નોંધાયો છે. આ સાથે બેન્ચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સે ફરી ૫૦,૦૦૦ સપાટી કુદાવી લીધી છે. બેક્ર,ફાયનાન્સ સહિતના સેક્ટરના શેરોમાં વ્યાપક પ્રમાણમાં ખરીદદારી નિકળી હતી. એફએન્ડઓ સેગમેન્ટ ડેરિવેટીઝ વલણનો અંતિમ દિવસ પૂર્વે રોકાણકારોએ પસંદગીના શેરોમાં નવેસરથી પોઝિશન ઉભી કરી હતી. સેન્સેક્સ પેકમાં સૌથી વધારે એક્સિસ બેક્ર, એચડીએફસી બેક્ર, આઈસીઆઈસીઆઈ બેંક, બજાજ ફાયનાન્સ, એચડીએફસી, એલએન્ડટી, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરોમાં વ્યાપક પ્રમાણમાં ખરીદી જોવા મળતી હતી. જ્યારે ડો.રેડીઝ લેબ, ટીસીએસ, સનફાર્મા, એશિયન પેઈન્ટ, મારુતિના શેરોમાં મંદીમય માહોલ જોવા મળતો હતો. સેન્સેક્સ પેકમાં ૩૦ પૈકી ૨૫ શેરમાં તેજી જ્યારે ૫ કંપનીના શેરમાં મંદીમય માહોલ જોવા મળ્યો હતો. બીએસઈ સેન્સેક્સ ૧,૦૩૦.૨૮ પોઈન્ટ એટલે કે ૧.૮૬ ટકા ઉછળી ૫૦,૭૮૧.૬૯ પર બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૨૭૪.૨૦ પોઈન્ટ એટલે કે ૧.૮૬ ટકાના ઉછાળા સાથે ૧૪,૯૮૨ રહી હતી. આ સાથે સેન્સેક્સે ફરી વખત ૫૦,૦૦૦ સપાટી કુદાવી દીધી છે જ્યારે નિફ્ટી ૧૫,૦૦૦ સપાટી નજીક પહોંચી ગઈ છે. વૈશ્વિક બજારો તરફથી મળેલા તેજીના સંકેતોની પણ ભારતીય શેરબજાર પર સારી અસર જોવા મળી હતી.

બીએસઈ ખાતે કુલ ૩,૦૯૯ સ્ક્રીપમાં કામકાજ થયું હતું, જે પૈકી ૧,૮૫૪ સ્ક્રીપમાં તેજી જ્યારે ૧,૦૮૧ સ્ક્રીપમાં મંદીમય માહોલ જોવા મળ્યો હતો. જોકે ૧૬૪ સ્ક્રીપના ભાવ સ્થિર રહ્યા હતા.

આ અગાઉ નેશનલ સ્ટોક એક્સચેન્જ પર ઈક્વિટી અને ઈક્વિટી ફિચર્સ એન્ડ ઓપ્શન્સ સેગમેન્ટમાં ટેકનિકલ ખામી સર્જાયા બાદ ફરી કામકાજ શરૂ થઈ ગયું છે. નેશનલ સ્ટોક એક્સચેન્જ અને બોમ્બે સ્ટોક એક્સચેન્જ ખાતે આજે પાંચ વાગ્યા સુધી કામકાજ જારી રહેશે. આ અગાઉ નેશનલ સ્ટોક એક્સચેન્જની સિસ્ટમમાં આજે સવારે ૧૧:૪૦ વાગે ટેકનિકલ ખામી સર્જાઈ હતી. રોકાણકારોએ જે કિંમત પર શેર ખરીદ્યા હતા તે કિંમત એક્સચેન્જ પર દેખાવાના બંધ થઈ ગયા હતા. તેને લીધે એક્સચેન્જ ખાતે કામકાજને અટકાવવાની ફરજ પડી હતી. નિફ્ટી-૫૦નું કામકાજ અટકાવવામાં આવ્યું ત્યારે ઈન્ડેક્સ ૧૧૨.૬૫ પોઈન્ટ અથવા ૦.૭૭ ટકા સુધરી ૧૪,૮૨૦.૪૫ પર હતો. આ સંજોગોમાં એક્સચેન્જનું કામકાજ ૩.૪૫ વાગ્યાથી ફરી શરૂ થયું છે અને બજાર કામકાજ પૂર્ણ થવાનો સમય પણ લંબાવીને ૫ વાગ્યા સુધી કરવામાં આવ્યો હતો.

પુડુચેરીમાં રાષ્ટ્રપતિ લાગુઃ મોદી સરકારે મંજૂરી આપી

ન્યુ દિલ્હી,તા.૨૪

કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીમાં કોંગ્રેસનાં નેતૃત્વ હેઠળનાં નારાયણસામી સરકારનાં પતન પછી, ભાજપે રાજયમાં સરકાર બનાવવાનો દાવો કરવાનો ઈનકાર કર્યો છે. રાજકીય ગરમા-ગરમી વચ્ચે કેન્દ્રીય કેબિનેટે બુધવારે પુડુચેરીમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની મંજૂરી આપી હતી.

કોંગ્રેસ-ડીએમકે ગઠબંધન સરકારનાં પતન પછી ઉપરાજયપાલે રાજયમાં રાષ્ટ્રપતિ શાસનની ભલામણ કરી હતી. અગાઉ એવું માનવામાં આવતું હતું કે, હવે ભાજપ અહીં સરકાર બનાવવાનો દાવો કરશે, પરંતુ પુડુચેરીનાં પ્રદેશ અધ્યક્ષ વી સમિનાથન (વી સમિનાથન) એ આ અટકળોને ફગાવી દીધી હતી. સમિનાથને કહ્યું કે, અમારી પાર્ટી અહીં સરકાર બનાવવાનો દાવો કરશે નહીં, કેમ કે ભાજપને શોર્ટ-કટ પર વિશ્વાસ નથી. આ પછી, લેફ્ટનન્ટ ગવર્નર તમિલિસાઈ સૌંદર્યરાજને પુડુચેરીમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવાની ભલામણનો પત્ર કેન્દ્ર સરકારને મોકલ્યો હતો. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે વિધાનસભામાં વિશ્વાસમત ગુમાવ્યા બાદ પુડુચેરીનાં મુખ્યમંત્રી વી નારાયણસામી અને તેમના મંત્રીપરિષદનું રાજીનામું સ્વીકારી લીધુ છે.

ગાંધીનગર કાઈમ બ્રાંચે રેડ કરી બંધ મકાનમાંથી રૂ.૪૩.૪૬ લાખથી વધુનો વિદેશી દારૂ ઝડપ્યો

ગાંધીનગર,તા.૨૪

ગાંધીનગર સાંતેજ પોલીસ મથકની હદમાં આવેલા વાંસજડા હુડકોનાં મકાનોમાં ગાંધીનગર ક્રાઈમ બ્રાંચની ટીમે રેડ કરીને ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો રૂ. ૪૩.૪૬ લાખથી વધુનો મુદ્દામાલ ઝડપી મોટા રેકેટનો પર્દાફાશ કર્યો છે. આ રેડ દરમિયાન ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઈમ્પોર્ટેડ બ્રાન્ડની ૬૧૮ નંગ બોટલો તેમજ ભારતીય બનાવટની ૪૯૭૮ નંગ બોટલો મળી કુલ. ૫૫૯૬ નંગ બોટલોનો મોટો જથ્થો ઝડપી ગુનો નોંધી ફરાર થઈ ગયેલા બુટલેગરને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે. સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓને લઈને જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ ગાંધીનગર જિલ્લામાં દારૂબંધીની કડક અમલવારી કરવા તાબાના અધિકારીઓને ખાસ સુચના આપી છે.

ત્યારે ગાંધીનગર એસ.સી.બી.ના પોલીસ ઈન્સ્પેક્ટર એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળનાં પી.એસ.આઈ એસ.પી જાડેજા અને પી.ડી. વાઘેલા સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગ કરી રહ્યા હતા. તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ જોગિન્દર સિંહ તેમજ કોન્સ્ટેબલ સુરેશજીને સંયુક્ત બાતમી મળી હતી કે, વાસજડા ગામમાં આવેલ હુડકોના મકાનમાં બાબુજી લક્ષ્મણજી ઠાકોર નામનો બુટલેગર ભાડૂતી માણસો રાખીને વિદેશી દારૂના વેચાણનું મોટા પાયે રેકેટ ચલાવી રહ્યો છે. જેના પગલે ક્રાઈમ બ્રાન્ચની ટીમ બાતમી વાળી જગ્યાએ તાત્કાલિક રેડ કરી હતી. હુડકોના બાતમી વાળા મકાનમાં ક્રાઈમ બ્રાંચ ટીમ અંદરનો નજારો જોઈને ચોંકી ઉઠી હતી. મકાનમાં ચારે બાજુ સીલ બંધ ખોખામાં પેક કરેલો વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો. આ રેડ દરમિયાન ઈમ્પોર્ટેડ ફોરેન બ્રાન્ડની જોની વોકર, કટ્ટી શાર્ક બ્લેન્ડર, મંકી સોલ્ડર ધ ઓરીજીનલ બ્લેન્ડર, જે એન્ડ બી રેર બ્લેન્ડ ધ ધ્યોર ઓલ્ડ, શિવાસ રીંગલ, જોહની વોકર રેડ લેબલ, જેક ડેનિયલ ઓલ્ડ સેવન, ધ સિંગલ ટોન સિંગલ, એલ સોલ્યુટ વોડકા, ગ્લેન ફીડીચ સિંગલ, જેવી મોંઘા ભાવે વેચાતી કુલ ૬૧૮ નંગ બોટલો જેની કિંમત રૂા. ૨૯ લાખ ૨૭ હજાર ૬૧૦ તેમજ ભારતીય બનાવટની જુદી જુદી બ્રાંડની કુલ ૪૯૭૮ નંગ બોટલો જેની કિંમત રૂા. ૧૪ લાખ ૧૮ હજાર ૫૩૯નોં મોટાપાયે વિદેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો.

હરિયાણામાં કરનાલની ફટાકડા ફેક્ટરીમાં વિસ્ફોટઃ ત્રણ વર્કરનાં મોત

કરનાલ,તા.૨૪

હરિયાણામાં કરનાલના ઘોઘડીપુર ગામની ફટાકડા ફેક્ટરીમાં વિસ્ફોટ થતાં ૩ વર્કરના મોત થઇ ગયા. જ્યારે અન્ય એકની સ્થિતિ ગંભીર છે. ભોગ બનેલા ત્રણેય કર્મચારી તમિલનાડુના રહેવાસી હતા.હરિયાણામાં સોવારે મોટી દુર્ઘટના થઇ ગઇ. કરનાલ જિલ્લાના ઘોઘડીપુર ગામમાં ગઇ કાલે રાત્રે ફાટક પાસેની ફટાકડા ફેક્ટરી જોરદાર વિસ્ફોટથી હચમચી ગઇ હતી. ત્યાર બાદ આખી ફેકટરીમાં આગ ભભૂકી ઊઠી હતી. જેણે વિકરાળ સ્વરુપ લઇ લીધુ હતું. ભીષણ આગમાં ચાર મજૂર ગંભીરપણે દાઝી ગયા હતા. તેમાંથી ત્રણનું મોત થઇ ગયું. જ્યારે ચોથાની સારવાર ચાલી રહી છે.

વિસ્ફોટ અને આગમાં ફેક્ટરીનું સંપૂર્ણ સામાન, મશીનો બળીને ખાક થઇ ગયું. વિસ્ફોટ એટલું પ્રચંડ હતું કે ફેકટરીની દિવાલો અને છતને પણ નુકસાન થયું છે.

ટ્રમ્પ કરતા પણ ખરાબ નસીબ મોદીની રાહ જોઈ રહ્યું છે

નરેન્દ્ર મોદી દેશના સૌથી મોટા દંગાબાજ છેઃ મમતા બેનર્જી

હુબલી,તા.૨૪

પશ્ચિમ બંગાળમાં થનારી વિધાનસભા ચૂંટણી પહેલા તૃણમૂલ કોંગ્રેસના નેતાઓના એલફેલ નિવેદનો શરૂ થઈ ગયા છે. આ બધા વચ્ચે આજે હુગલીના ડનલપમાં જનસભાને સંબોધન કરતી વખતે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેરનજીએ મર્યાદા ઓળંગી નાખી અને પીએમ મોદીને દાનવ, રાવણ અને ગુંડા સુદ્ધા કહી નાખ્યા. આ અગાઉ પીએમ મોદીએ પણ ડનલપ મેદાનમાં સભા કરી હતી.

મમતા બેનરજીએ જનસભા સંબોધિત કરતા કહ્યું કે 'હંમેશા તમે (ભાજપ) કહે છે કે તૃણમૂલ કોંગ્રેસ ટોળાબાજ, પરંતુ હું આજે કહું છું કે તમે (ભાજપ) દંગાબાજ અને ધંધાબાજ છો. બંગાળ પર બંગાળ શાસન કરશે, બંગાળ પર ગુજરાત શાસન નહીં કરે. અમને બંગાળ નહીં બાંગ્લા જોઈએ. મોદી બંગાળ પર રાજ નહીં કરે. બંગાળ પર ગુંડા અને બદમાશ રાજ નહીં કરે.'

જનસભાને સંબોધિત કરતા મમતા બેનરજી મર્યાદા ભૂલી ગયા અને પીએમ મોદી તથા અમિત શાહને રાવણ તથા દાનવ કહી નાખ્યા. તેમણે કહ્યું કે 'ખુબ વધુ બોલી રહ્યા છો અને બે મહિના બાકી છે, જોઈએ પછીથી કોણ બોલે છે. નરેન્દ્ર મોદી ખોટું બોલી રહ્યા છે, બોલે છે કે બંગાળ લઈ લઈશું, પરંતુ બંગાળને લેવું એટલું સરળ નથી. આ ચૂંટણીમાં ખેલા હોબે...ખેલા તો હોબે...(ખેલ થશે) ભાજપ દેખો ખેલા હોબે...' સીબીઆઈ દ્વારા અભિષેક બેનરજીની પત્ની રૂજિરા બેનરજીની સીબીઆઈ દ્વારા પૂછપરછ ઉપર પણ મમતા બેનરજીએ ભાજપ પર નિશાન સાધ્યું. તેમણે કહ્યું કે ભારતીય જનતા પાર્ટી (BJP) મહિલાઓનું સન્માન કરતી નથી. આ જ કારણ છે કે રૂજિરાને કોલસા મામલે ફસાવવામાં આવી રહી છે અને તેને નિશાન બનાવવામાં આવી રહી છે. મમતા બેનરજીએ મીડિયા ઉપર પણ નિશાન સાધ્યું. તેમણે કહ્યું કે અમે અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું કામ કર્યું છે. મોદીએ શું કર્યું? તેમણે મીડિયા માલિકોને ધમકી આપી છે, મીડિયા જે પણ કહે છે તેના પર વિશ્વાસ ન કરો. નકલી વીડિયો છે. પીએમ મોદી ખોટું બોલી રહ્યા છે કે નોકરી નથી. કોમરેડ, તમે દેશને વેચી દીધો છે. આપણે ગરીબીમાં નંબર વન રહ્યા છીએ. મમતા બેનરજીએ કહ્યું કે 'અમે સીબીઆઈને ધમકી આપી રહ્યા છીએ પરંતુ ધરપકડ કરીને તો બતાવો. કેટલાક લોકોની ધરપકડ કરશો. ૨૦ લાખ લોકોની ધરપકડ કરવી પડશે. તમને મને અહીં દબાવશો, હું દિલહીમાં ઝાડ બનીને ઉઠીશ. એક ઘાયલ વાઘણ ખતરનાક હોય છે. ખેલ ચાલુ છે.' મમતા બેનરજીએ કહ્યું કે 'જો તમે તેમને બંગાળમાં હરાવી શકો છો, તો જાણી લો કે તેઓ ભારતમાંથી ગાયબ થઈ જશે.

વડાપ્રધાન મોદી આજે તમિલનાડુના પ્રવાસેઃ ન્યૂ થર્મલ પાવર પ્રોજેક્ટ રાષ્ટ્રને કરશે અર્પણ

ન્યુ દિલ્હી,તા.૨૪

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૧ના રોજ તમિલનાડુ અને પુડુચેરીની મુલાકાત લેશે. અંદાજે સવારે ૧૧:૩૦ કલાકે પ્રધાનમંત્રી પુડુચેરીમાં સંખ્યાબંધ વિકાસ પહેલનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. આ ઉપરાંત અંદાજે બપોરે ૪ વાગ્યે, પ્રધાનમંત્રી કોઇમ્બતૂર ખાતે રૂપિયા ૧૨૪૦૦ કરોડથી વધુ કિંમતની બહુવિધ માળખાગત સુવિધાઓની પરિયોજનાઓ રાષ્ટ્રને અર્પિત કરશે તેમજ શિલાન્યાસ કરશે.

પ્રધાનમંત્રીનેવેલી ન્યૂ થર્મલ પાવર પરિયોજના રાષ્ટ્રને અર્પણ કરશે. આ લિગ્નાઇટ આધારિત ઉર્જા પ્લાન્ટ છે જે ૧૦૦૦ એમડબલ્યુ વિદ્યુત ઉત્પાદન કરી શકે તેવી રીતે ડિઝાઇન કરવામાં આવ્યો છે અને તેમાં બે યુનિટ છે જેમાં પ્રત્યેકની ક્ષમતા ૫૦૦ એમડબલ્યુની છે. લગભગ રૂપિયા ૮૦૦૦ કરોડના ખર્ચે આ પ્લાન્ટનું નિર્માણ કરવામાં આવેલા આ પીટ હેડ પાવર પ્લાન્ટમાં નેવેલીની હાલની ખાણોમાંથી નીકળતા લિગ્નાઇટનો ઇંધણ તરીકે ઉપયોગ કરવામાં આવશે.

આ ખાણોમાં લિગ્નાઇટનો ભંડાર પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ હોવાથી આ પરિયોજના માટે લિગ્નાઇટની જરૂરિયાત આજીવન પૂરી પાડી શકાશે. આ પ્લાન્ટ ૧૦૦% રાખના ઉપયોગ માટે ડિઝાઇન કરવામાં આવ્યો છે. આમાંથી ઉત્પાદિત વીજળીથી તમિલનાડુ , કેરળ, કર્ણાટક, આંધ્રપ્રદેશ, તેલંગાણા અને પુડુચેરીને લાભ થશે જેમાં તમિલનાડુને અંદાજે ૬૫% જેટલો સૌથી મોટો હિસ્સો મળશે.

પ્રધાનમંત્રી તિરુનેલવેલી, તુટીકોરિન, રામનાથપુરમ અને વિરુધુનગર જિલ્લામાં લગભગ ૨૬૪૦ એકર જમીનમાં સ્થાપવામાં આવેલા એનએલસીઆઇએલના ૭૦૯ એમડબલ્યુના સોલર પાવર પ્લાન્ટનું પણ રાષ્ટ્રને લોકાર્પણ કરશે. આ પરિયોજના અંદાજે રૂપિયા ૩૦૦૦ કરોડથી વધુ ખર્ચે તૈયાર કરવામાં આવી છે.

મોડાસાના સાકરીયા ગામે કરિયાણાની દુકાનમાં તસ્કરો ત્રાટકી ૩૫ હજારનું કરિયાણું ચોર્યું

અરવલ્લી બ્યુરો મોડાસા

સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીઓમાં પોલીસતંત્ર વ્યસ્ત રહેતા અરવલ્લી જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ઘરફોડ ગેંગ અને તસ્કરો સક્રીય થતા ગ્રામ્ય વિસ્તારોમાં ભારે ફફડાટ ફેલાયો છે મોડાસાના સાકરીયા ગામે ચોરીનો અનોખો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.જ્યાં ચોર કરિયાણાની દુકાનમાં ઘૂસી મરચું, તેલ, ઘી, ચા સહિત ૩૫ હજારથી વધુના કરિયાણાની ચોરી કરી ગયો છે. જે પ્રમાણે ચોરી થઇ છે તે જોતા ચોર ચોરી કરવા રિક્ષા કે અન્ય વાહન લઇ આવ્યો હોવાની શંકા છે.દુકાન માલિકે મોડાસા રૂરલ પોલીસને જાણ કરતા ઘટનાસ્થળે પહોંચી રાબેતા મુજબ પ્રાથમિક તપાસ હાથધરી તસ્કર ટોળકીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા જીલ્લામાં નાઈટ પેટ્રોલીગ સઘન બનાવવામાં આવેની માંગ પ્રબળ બની છે સાકરીયા ગામના રમેશભાઈ નાનાભાઈ ખાંટ સાકરીયા બસ સ્ટેન્ડ પર કેબીનમાં કરીયાણાની દુકાન ચલાવી જીવનનિર્વાહ કરી રહ્યા છે મંગળવારે રાત્રે દુકાન બંધ કરીને ગયા હતા ત્યારે કેબીનના પાછળના ભાગે બાકોરું પાડી તસ્કરો દુકાનમાં ત્રાટકયા હતા અને દુકાનમાં રહેલ કરિયાણાનો માલસામાન અને ગલ્લો તોડી ૪ હાજર પરચુરણ ચોરી કરી રફુચક્કર થઇ ગયા હતા રમેશભાઈ બુધવારે સવારે દુકાને પહોંચતા દુકાનમાં માલસામાન અસ્તવ્યસ્ત પડ્યો હોવાની સાથે ગલ્લો તૂટેલો જણાતા ચોરી થઇ હોવાનું જણાઈ આવ્યું હતું દુકાનનું તાળું સલામત હોવાથી કેબીનની પાછળના ભાગે જોતા બાકોરું પાડી તસ્કરો ત્રાટક્યા હોવાનું અને ચોરીની ઘટનાને અંજામ આપવામાં આવ્યો હોવાની જાણ થઇ હતી સતત વાહનો અને રાહદારીઓથી ધમધમતા બસ સ્ટેન્ડ પરજ આવેલ કરિયાણાની દુકાનમાં તસ્કરો ત્રાટકી કરિયાણું ચોરી જતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા દુકાનમાલિક રમેશભાઈ ખાંટે મોડાસા રૂરલ પોલીસને જાણ કરતા રૂરલ પોલીસ ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

ફોટો ગેલેરી

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ મા આજે સભ્યો ની છ પદ્ય રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવી છે.

વિષય : સવાર.બપોર.સાંજ.રાત

..સંપર્ક સૂત્રો.....

www.janfariyadnews.com

Email : prdpraval42@gmail.com

What's up calling No : 9824653073

સર્જક,લેખકો : રેખા શુકલ, મીના મંગ્રોલિય, ઋતુંભર વિશ્વજીત,જિજ્ઞાસા યુ જોશી,દીપક જગતાપ,નાંથબાવા ચાંદની સોમનાથ "ચાંદ"

તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ

મુખ્ય નિર્ણાયક : જયશ્રી પટેલ

યુ ટ્યુબ ચેનલ : janfariyadnews

ન્યૂઝ પોર્ટલ : janfariyadnews

ન્યુઝ ઓફ ગાંધીનગર

સાહિત્ય સરિતા

NOG SS: 0089

પ્રકાર :: પદ્ય

શીર્ષક :: સવાર-બપોર-સાંજ

ચેતના આવી ખટખટાવે રે બારણાં ઝરુખે,
હેતે વધાવી એને લો રે ઓવારણાં ઝરુખે.
સવાર -બપોર-સાંજ સજી રોજ ઝરુખે,
કંકુ પગલાં પાડે સિંદૂરી સવાર ઝરૂખે !
ગઝલ બેઠી રિસાઈ શબ્દો સંતાય ઝરુખે,
માળામાં સૂતો ટહુકો નાગી પલગી ઝરૂખે.
રિસાયેલ કિરણો બપોરે વરસાદ ઝરૂખે !
પડછાયાથી ડરે આયનો હસતો ઝરૂખે.
સંવાદી નેનોમાં પલળ્યાં ખ્વાબ ઝરૂખે,
ઉગમણી કોરે પ્હોં ફાટી અજવાસ ઝરૂખે.
સાંજ વળગી સૂર્ય બૂડે રાત પલળે ઝરુખે,
ઝૂકી ડાળીએ ગઝલ મહેકી નમણી ઝરૂખે.

રેખા શુકલ

NOG SS N0:- 0032

વિષયઃ- સવાર, બપોર,સાંજ, રાત.

પ્રકારઃ- પદ્ય

શીર્ષકઃ આજ અને કાલ

આજ અને કાલ
આજ અને કાલ વચ્ચે એક રાત ઊભી છે.
આપણી વચ્ચે એક હઠીલી વાત ઊભી છે.
નથી દવા નથી દુવા બસ એક આશ ઊભી છે.
આપણી વચ્ચે એક હઠીલી વાત ઊભી છે.
એક સુખ એક દુઃખ વચ્ચે એક આંધી ઊભી છે.
આપણી વચ્ચે એક હઠીલી વાત ઊભી છે.
મળે સફળતા કે નિષ્ફળતા વચ્ચે આજ ઊભી છે.
આપણી વચ્ચે એક હઠીલી વાત ઊભી છે.
સવાર કે સાંજ વચ્ચે એક બળતી બપોર ઊભી છે.
આપણી વચ્ચે એક હઠીલી વાત ઊભી છે.
તારા અને મારા વચ્ચે એક દંભની દિવાલ ઊભી છે.
આપણી વચ્ચે એક હઠીલી વાત ઊભી છે.

મીના માંગરોલીયા મીનુ,અમદાવાદ .

NOG SS No : 0077

વિભાગઃપદ્ય મૌલિક

વિષયઃસવાર/સાંજ/રાત

શીર્ષકઃએક સાંજ

જિંદગી છે ચાલ્યા કરે...!
એક સાંજ ઉગે ને આથમે..!
ભાગંભાગ અને ધમપછાડાવાળી જિંદગીમાં,
રોજિંદા કામોની ઘટમાળ ચાલ્યાં કરે,
ક્યારેક પરિવારને પણ વ્યવસાય આગળ મહત્ત્વ આપતાં રહો,
ઉછીની
એક સાંજ આપતા રહો...!
પૈસો અને વ્યવસાયમાં ગુમાવ્યું યૌવન,
પરિવાર ને સંબંધો વગર ગુમાવ્યાં સાવન,
ઘડપણમાં જોઈએ નમન, તો
કર સૌ સાથે આનંદગમન,
સૌની ઈચ્છાઓને માન આપ્યાં કરો,
ઉછીની
એક સાંજ આપ્યા કરો...!
જે આપશો તે જ પામશો,
કમ દિસેએ કુદરતી,
ક્યારેક કુદરતનાં ખોળે પણ સમય વિતાવ્યાં કરો, કુદરતી અહ્લાદકતાં માણ્યાં કરો....
પોતાના માટે,
ઉછીની
એક સાંજ આપ્યા કરો....!
સાંજ તો સૂર્યની દિવસભરની સાધનાનું ફળ,મનુષ્ય પણ ચાહતો દિનચર્યામાંથી વિરામ,આનંદની હર એક પળ માણ્યાં કરો,તો એક સાંજ
સ્વ જોડે પણ વિતાવ્યાં કરો...
ઉછીની
એક સાંજ પોતાની જાતને આપ્યા કરો...!
મૃત્યું એક સનાતન સત્ય,
આજ આવશે કે કાલ !
મૃત્યું પછીની એક સવાર કે એક સાંજ કેવી હશે?
આજની પળેપળ માણતાં રહો,
હસતાં રહો હસાવતાં રહો,
સૌને ઉછીની
એક સાંજ આપતા રહો...!
ઉગે એનુ આથમવું નિશ્ચિત,
જન્મે તેનું મૃત્યું
નિશ્ચિત, નવી સવારમાં સૂર્યને આવકાર,
નવી સાંજ એ પ્રભુનો ઉપકાર,
માટે આજમાં જીવતાં રહો...
નિજાનંદ માટે,ઉછીની એક સાંજ પોતાને જ આપતા રહો...!

ઋતંભરા વિશ્વજીત,ઋત્વિશ્વ આણંદ.

NGO SS NO-0091

પ્રકારઃ પદ્ય બાળગીત

વિષયઃ સવાર બપોર સાંજ રાત

શીર્ષકઃ દિવસની ઘટમાળ

સવાર પડતાં સૂરજ ઊગે ઊંઘતા લોકો જાગે રે.
પંખીનાં મીઠાં ટહુકાથી દુનિયા આખી ચહેકે રે.
નાના બાળ નિશાળે જતાં હસતાં, કૂદતાં, રમતાં રે.
ગાયો ચરાવવા ગોવાળ જતાં મારગ ધૂળિયાં થતાં રે.
પનિહારીઓ પાણી જતી બેડલાં માથે લઈને રે.
મંદિરોમાં ઘંટ વાગે આરતી ધૂન થતાં રે.
અવર જવર લોકોની થતાં ચહલ-પહલ વર્તાતી રે.
ખેડૂત ખેતર ખેડવા જતો બળદ સાથે લઈને રે.
ભાભા બધાં પાદર જતાં વાતો મજાની કરતાં રે.
ડોશીઓ સૌ મંદિરે જતી ભજન કીર્તન કરતી રે.
આખો દિવસ કામ કરીને સાંજે પાછાં ફરતાં રે.
સૂરજ પણ થાકીને જતો એટલે રાત થતી રે.

જિજ્ઞાસા યુ જોષી, "શુક"

NOG સાહિત્ય સરિતા

NOG SS NO :- 0090

પ્રકારઃ પદ્ય

વિષયઃ રાત

શીર્ષકઃરાત્રીનાં લઘુકાવ્યો/

રાત્રી લઘુકાવ્યો/દીપક જગતાપ (૧)

રાત્રીનાં અંધકારમાં હું મારા અસ્તિત્વને
સાઇડ પર ઊતારીને સૂઈ જાઉં છું
મારો જ પડછાયો ઓટીને.. (૨)
હું રોજ રાત્રે આકાશમાં ટપકાં કરું
ને સવારે એને કોણ ભૂંસી જાય (૩)
તારકોનું નિચવ્યું તેજ થઇ ગયો
સૂરજ અંધ! (૪)
શું આગિયો
રાતપાળી કરતો હશે સૂરજનાં
સૂઈ ગયા પછીથી? (૫)
આખી રાત કળીઓની અંદરથી
બહાર નીકળવા મથામણ કરતો ભમરો
સવારે થઇ ગયો ખુદ ફૂલ! (૬)
રાત્રીનાં નઃશબ્દ નિરવ
ગાઢ અંધકારમાં મૌન સળગી ઊઠ્યું!

દીપક જગતાપ

NOG SS NO - 0068

વિભાગ - પદ્ય

શબ્દ - સાંજ

શીર્ષક - એ સાંજ હતી!

બે પ્રેમી પંખીડાની ડાળ પર વાતચીત ચાલું હતી,
ને મંદિરે ઝાલર વાગતી એ સમી સાંજ હતી.
બંનેની નજર એકબીજાને એકીટશે અમથું અમથું જોતી હતી,
ને પહેલી મુલાકાતની એ ખૂબ યાદગાર સાંજ હતી.
બંનેનો એકબીજા પ્રત્યેનો વહાલ જોઈ સાંજ મહેકતી હતી,
સૂરજના આ કેસરી અજવાળે આથમતી રંગીન સાંજ હતી.
ગાયો અને ભેંસોનાં ધણથી એ ધૂળ ઉડતી હતી,
ધૂળની ડમરીઓમાં ઉડતી રજથી ભરપૂર આછી સાંજ હતી.
ઘેરો નાદ સંભળાવતી એ માતાજીની પવિત્ર આરતી હતી,
મંદિરમાં થતી પૂજા માટે દીવો પ્રગટાવતી સાંજ હતી.
આ સાંજ પણ ' ચાંદ ' ને કંઇક કહેતી હતી ,
ખીલતી ચાંદનીથી ભરેલી એ અજવાળું કરતી સાંજ હતી.
કહે " ચાંદ " આ સાંજની ખુશી મારા વતી હતી,
રાત્રી થશે થોડી મોડી એટલે નિરાળી સાંજ હતી.
ખુશી મારા વતી હતી એ ભૂલ મારી હતી,
પોતાનો અલગ અસ્તિત્વ ધરાવતી એ અનોખી સાંજ હતી.

નાથબાવા ચાંદની સોમનાથ "ચાંદ" માંડવી કચ્છ

અસ્પૃશ્યતાનો ડંખ....

ગામમાં આવેલ જાન પર પથ્થરમારો કરી હલકી માનસિકતાનું પ્રદર્શન : બાયડના લીંબ ગામે અનુ.જાતિની જાન પર હુમલો

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં છેલ્લા ઘણા સમય થી જાતિગત ભેદભાવની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે અનુ.જાતિના લગ્નપ્રસંગે નીકળતા વરઘોડામાં બબાલો થઈ રહી છે કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં તો અસામાજિક તત્વોના ડર થી અનુ.જાતિના લોકો પોલીસ બંદોબસ્ત વચ્ચે ભય ના ઓથાર નીચે થરથરતા વરઘોડા નીકળી રહ્યા છે અનુ.જાતિ સમાજના યુવક-યુવતીઓના વરઘોડા અટકાવી તેમના પર હુમલો કરતા અસામાજીક તત્વો બેખોફ બન્યા છે સમરસતાના બણગા ફૂંકતી ભાજપ સરકારમાં વરઘોડા પર સતત થઇ રહેલા હુમલાના

પગલે સમગ્ર દેશમાં જીલ્લા સહીત રાજ્યની છબી ખરડાઈ રહી છે હજુ તો નાંદીસણ ગામે યુવતીના લગ્નમાં તેના ભાઈએ રજવાડી સાફો બંધાતા વરઘોડો અટકાવતા યુવતીએ ચાલતા ઘરે પરત ફરવું પડ્યું હોવાની ઘટનાની શાહી સુકાઈ નથી ત્યારે વધુ એક ઘટના બહાર આવતા ચકચાર મચી છે

બાયડ તાલુકાના લીંબ ગામે કપડવંજથી આવેલ અનુ.જાતિ સમાજના યુવકની જાનમાં કેટલાક યુવકોએ માથે સાફો બાંધ્યો હોવાથી અને ડીજે વાગતા ગામમાં રહેતા અને જાતીગત માનસીકતાથી પીડાતા કેટલાક અસામાજીક તત્વોએ જાન પર પથ્થરમારો કરતા ભારે નાસભાગ મચી હતી એકાએક થયેલ પથ્થરમારાની ઘટનાના પગલે જાનૈયાઓ જીવ બચવવા દોડાદોડી કરી મૂકી હતી યુવતીના પરિવારજનો અનુ.જાતિ સમાજના અગ્રણીઓ અસામાજીક તત્વોને કહેવા જતા તેમની સાથે પણ મારઝૂડ કરી તમારે હવે થી માથે ફેંટો બાંધવો નહીં અને ડીજે વગાડવું નહીં કહીં જાતિ પ્રત્યે અપમાનજનક શબ્દ પ્રયોગ કરતા ભારે ચકચાર મચી હતી લીંબ ગામે જાન પર પથ્થર મારો થયો હોવાની જાણ આંબલીયારા પોલીસને થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી સ્થિતી પર કાબુ મેળવ્યો હતો ઘટનાની ગંભીરતાના પગલે જીલ્લા પોલીસવડા સંજય ખરાતને જાણ કરતા તાબડતોડ ડીવાયએસપી ભરત બસીયા અને એસ.સી-એસટી સેલના ડીવાયએસપી વિશાલ રબારી સહીત મોટી સંખ્યામાં પોલીસ કાફલો લીંબ ગામે ખડકી દીધો હતો અને શાંતિપૂર્ણ માહોલમાં લગ્નપ્રસંગ પૂર્ણ કરી જાનને પોલીસ રક્ષણ પુરુ પાડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી જો કે થોડા દિવસો અગાઉ પણ અનુ.જાતિ સમાજના યુવકના વરઘોડામાં અસામાજીક તત્ત્વોએ હુમલો કર્યો હતો અને મામલો પોલીસ સ્ટેશન પહોંચ્યા બાદ અસામાજીક તત્ત્વોના ડરના પગલે સમાધાન કરી લેતા બેખોફ બનેલા અસામાજીક તત્ત્વોએ લીંબ ગામે દલીત યુવતીને પરણવા આવેલ જાન પર હુમલો કરી દીધો હતો આંબલીયારા પોલીસે યુવતીના ભાઈની ફરિયાદના આધારે ૯ શખ્સો અને ટોળા સામે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી પોલીસ તૈનાત કરી દીધી છે

લીંબ ગામે મણીલાલ બાલાભાઈ પરમારની દીકરીના લગ્ન હોવાથી મંગળવારે કપડવંજના તેલનાર ગામેથી યુવક જાન લઈ ભારે ઉલ્લાસ પૂર્વક લીંબ ગામે પહોંચ્યો હતો ગામના બસ સ્ટેન્ડ નજીક રાસ ગરબા ચાલતા હતા ત્યારે અચાનક તેમના પર પથ્થરમારો શરૂ થતા ભારે નાસભાગ મચી હતી યુવતીના પરિવારજનોને જાન પર ગામના કેટલાક અસામાજીક તત્વોએ પથ્થર મારો કર્યો હોવાની જાણ થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચ્યા હતા પથ્થારમારો કરી રહેલા લોકોને પથ્થરમારો ન કરવાનું કહેતા સંજયસિંહ બેચરસિંહ ચૌહાણ,શૈલેશસિંહ દેવુસિંહ ચૌહાણ,હિતેશ સિંહ બકુસિંહ ચૌહાણ,પ્રવિણસિંહ ધુળસિંહ ચૌહાણ,સંજયસિંહ ઝિંદુસિંહ ચૌહાણ,યુવરાજસિંહ પ્રતાપસિંહ ચૌહાણ,ઈંદ્રરાજસિંહ બહેચરસિંહ ચૌહાણ,વિજયસીંહ ભારતસિંહ ચૌહાણ,માનસિંહ અદેસિંહ ચૌહાણ અને ટોળામાં રહેલા શખ્સોએ યુવતીના પરિવારજનો સાથે મારઝૂડ કરી જાતિ પ્રત્યે અપમાનજનક શબ્દો બોલી હવે કોઈ પણ માથે ફેંટો બાંધશો કે પછી ડીજે કે બેન્ડ વગાડશો તો જાનથી મારી નાખવાની ખુલ્લેઆમ ચીમકી આપતા અનુ.જાતિ સમાજના લોકો ફફડી ઉઠ્યા હતા લીંબ ગામે જાનૈયાઓ પર હુમલો થતા તાબડતોડ પોલીસ પહોંચી સ્થીતી પર કાબુ મેળવ્યો હતો મંગળવારે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે યુવતીના લગ્ન પ્રસંગમાં ખડેપગે પોલીસ ઉભી રહી હતી લગ્નપ્રસંગ પૂર્ણ થતા જાન પરત મોકલ્યા પછી મંગળવારે સાંજે ફરિયાદ નોંધવા તજવીજ હાથધરી રાત્રે ફરિયાદ નોંધી હતી આંબલરીયા પોલીસે લીંબ ગામના હર્ષવર્ધન લવજીભાઈ પરમારની ફરિયાદના આધારે સંજયસિંહ બેચરસિંહ ચૌહાણ,શૈલેશસિંહ દેવુસિંહ ચૌહાણ,હિતેશ સિંહ બકુસિંહ ચૌહાણ,પ્રવિણસિંહ ધુળસિંહ ચૌહાણ,સંજયસિંહ ઝિંદુસિંહ ચૌહાણ,યુવરાજસિંહ પ્રતાપસિંહ ચૌહાણ,ઈંદ્રરાજસિંહ બહેચરસિંહ ચૌહાણ,વિજયસીંહ ભારતસિંહ ચૌહાણ,માનસિંહ અદેસિંહ ચૌહાણ અને ટોળા વિરુદ્ધ એટ્રોસીટીનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી લીંબ ગામે જાન પર થયેલ હુમલાની તપાસ એસસી એસટી સેલના ડીવાયએસપી વિશાલ રબારીને સોંપતા જાન પર હુમલો કરનાર શખ્સોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

અરવલ્લી ખાણખનીજ વિભાગના ખનીજ માફિયાઓ પર ચાર હાથ...!!

મોડાસા મામલતદારે હજીરામાંથી ત્રણ ઓવરલોડ ખનીજ વહન કરતા વાહનો ઝડપ્યા

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લા ખાણખનીજ વિભાગની ધુતરાષ્ટ્ર નીતિના પગલે ખનીજ માફિયાઓ બેફામ બન્યા છે જીલ્લામાંથી ખનીજનું બિન્દાસ્ત ખનન અને વહન વાહનો મારફતે થઇ રહ્યું છે જીલ્લાના માર્ગો પર રોયલ્ટી પાસ વગર તેમજ ઓવરલોડ ખનીજ ભરી વહન કરનારા સરકારી તિજોરીને મહિને દહાડે લાખ્ખો રૂપિયાનું નુકશાન પહોંચાડી રહ્યા છે જીલ્લામાં બેફામ ખનીજ વહન કરતા ખનીજ માફિયાઓને જીલ્લા ખાણખનીજ વિભાગમાં ફરજ બજાવતા કેટલાક ભ્રષ્ટ કર્મીઓનું રક્ષણ હોવાની બૂમો ઉઠી રહી છે ત્યારે મોડાસા મમલતદારે હજીરા વિસ્તારમાંથી પસાર થતી ઓવરલોડ ખનીજ ભરેલ ટ્રક અને બે ડમ્પર ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરતા ખનીજ માફિયાઓમાં ફફડાટ ફેલાયો છે મોડાસા મામલતદારની કામગીરી થી જીલ્લા ખનીજ કચેરીની કામગીરી સામે અનેક સવાલો પેદા થયા છે ત્યારે જીલ્લા કલેકટર જીલ્લા ખનીજ તંત્રની આળસ ખંખેર તેવી લોકમાંગ પ્રબળ બની છે મોડાસા મામલતદાર અરુણદાન ગઢવી અને તેમની ટીમ મંગળવારે મોડી રાત્રે મોડાસા હજીરા વિસ્તારમાંથી સઘન ચેકીંગ હાથધરી સાદી રેતી ભરેલી ટ્રક અને બે ડમ્પરમાં ઓવરલોડ સાદી રેતીનું વહન થતું હોવાનું જણાઈ આવતા ટ્રક અને બે ડમ્પરને અટકાવી રોયલ્ટી પાસ માંગતા પાસમાં દર્શાવ્યા કરતા વધુ જથ્થો જણાઈ આવતા બને ડમ્પર અને ટ્રકને જપ્ત કરી ખાણખનીજ વિભાગને જાણ કરી ત્રણે ઓવરલોડ વાહનો સામે દંડાત્મક અને કાયદેસરની કાર્યવાહી કરવા માટે પત્ર લખી જાણ કરી હતી ખાણખનીજ વિભાગે ત્રણે ઓવરલોડ વાહનો સામે દંડાત્મક કાર્યવાહી હાથધરી હોવાની માહીતી પ્રાપ્ત થઇ હતી

ગુજરાત તમામ ૬ મહાનગરપાલિકાઓમાં ભારતીય જનતાપાર્ટીનો ભવ્ય વિજયને નર્મદા ભાજપે વધાવ્યો

રાજપીપળા, તા.૨૪

ગુજરાતની તમામ ૬ મહાનગરપાલિકાઓમાં ભારતીય જનતા પાર્ટી નો ભવ્ય વિજય થતાં અને ફરિવાર સત્તાના સૂત્રો સંભાળવા મળતા અહેવાલો બાદ રાજપીપળા સહિત નર્મદા જિલ્લા ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ આગેવાનો ભારે ઉત્સાહ નું મોજુ ફરી વળ્યુ હતું. અને ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોએ ભવ્યવિજયને નર્મદા વધાવી ફટાકડા ફોડી મીઠાઈઓ વહેંચી નર્મદા ભાજપે વિજય ઉત્સવ મનાવ્યો હતો.

આ પ્રસંગે નર્મદા જિલ્લા ભાજપા પ્રમુખ ઘનશ્યામ પટેલે પોતાની પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે ભાજપી આગેવાનોએ જણાવ્યુ હતું કે આ ભારતીય જનતા પાર્ટીની જીત છે. વિકાસની જીત છે. કાર્યકર્તાઓની જીત છે. રાજપીપળા નગરપાલિકાની સહિત નર્મદા જિલ્લા પંચાયત અને પાંચ તાલુકા પંચાયતમાં પણ ભગવો લહેરાશે . અને રાજપીપળા નગરપાલિકામાં ૨૮ બેઠકો પૈકી ૧૫ પ્લસ અને જિલ્લા પંચાયતની ૨૨ અને પાંચ તાલુકા પંચાયતની ૯૦ બેઠકો મળી કુલ ૧૪૦ બેઠકો પૈકી ૧૦૦ બેઠકો ભાજપ જીતશે એવો વિજયનો વિશ્વાસ વ્યકત કર્યો હતો.જેવી રીતે મહાનગર પાલિકાની ચુંટણીમાં ભાજપનો ભગવો લહેરાયો છે.તેવી રીતે નર્મદાજિલ્લા પંચાયત અને પાંચ તાલુકા પંચાયત મા પણ કબજ કરીશું.અને રાજપીપળા સહિત નર્મદા જિલ્લાનો સર્વાગી વિકાસ કરીશું એમ જણાવ્યું હતું.

રિપોર્ટઃ જ્યોતિ જગતાપ, રાજપીપળા

આ બેંક તમારી જ છે: અમે પેટ ભરીને ધિરાણ આપીશું :ચેરમેન

પાટણ માર્કેટયાર્ડમાં વેપારીઓ સાથે નાગરિક બેંક તમારા દ્વારે કાર્યક્રમ યોજાયો

પાટણ નાગરિક બેંકના આશરે ૨૫૦૦ જેટલાં લોન ખાતા ધારક વેપારીઓ તથા ગ્રાહકોને માલની સામે ધિરાણ આપવાના વ્યાજદરમાં એક ટકાનો અને ઓપન એચ.પીના ધિરાણ માં અડધા ટકાનો ઘટાડો કર્યો છે પીસીસીની લોનમાં ૧૧ ના બદલે હવે ૧૦ ટકા અને ઓપન એચ.પી.ની લોનમાં ૧૧.૫ ટકાના બદલે ૧૧ ટકા વ્યાજનો દર રાખવામાં આવ્યો છે પાટણ નાગરિક સહકારી બેંકની પાટણ માર્કેટયાર્ડ શાખામાં યોજાયેલી વ્યાપારીઓ તથા બેંકના લોનધારકો અને ગ્રાહકોને ખાસ મીટિંગમાં ચેરમેન સુરેશભાઇ સી પટેલે ઉપરોક્ત જાહેરાત કરી હતી સુરેશ ભાઈ પટેલે વધુમાં વેપારીઓએ જણાવ્યું કે અમારી બેંક તમને પેટ ભરીને લોન આપશે ,તમે ખૂબ કમાજો અને વેપારીઓ અને ગ્રાહકોને વ્યાજનો બોજો ન પડે તે માટે આજે આ દર ઘટાડવામાં આવ્યા છે તેમણે કહ્યું કે અમને સોના પર ધિરાણ કરવાની છૂટ મળેલી છે પરંતુ તેની અત્યાર સુધી લિમિટ હતી જે હવે દૂર થઈ હોવાથી ગોલ્ડ લોન અનલિમિટેડ ધિરાણ કરાશે. લોનની અરજીઓની મંજુરી માટે બોર્ડ મીટિંગ સુધી રાહ જોવાની જરૂર નથી ચેરમેન ની સત્તાથી પણ મંજુર થઈ શકે છે તેમણે ગ્રાહકોને આ બેંક તમારી પોતાની જ છે તેમ સમજજો એમ કહી વ્યાજના ઘટાડા સાથે તમામને લોન આપવામાં આવશે આ પ્રસંગે મેનેજિંગ ડિરેક્ટર અતુલ પટેલ, જનરલ મેનેજર મયુરભાઇ પટેલ ,બ્રાન્ચ મેનેજર જયંતીભાઈ પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં આ બેઠક બેંક તમારા દ્વારે કાર્યક્રમ અંતર્ગત યોજાઈ હતી

શ્રી અન્નપૂર્ણા સેવા ફાઉન્ડેશન દ્વારા નર્મદા જિલ્લાના ૧૨ એચઆઈવી પીડિત બાળકોને કપડાનું વિતરણ કરાયું.

રાજપીપળા,તા.૨૪

રાજપીપળાની શ્રી અન્નપુર્ણ સેવા ફાઉન્ડેશન દ્વારા નર્મદા જિલ્લાના ૧૨ એચઆઈવી પીડિત બાળકોને કપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ૧૨ ગરીબ એચઆઈવી પીડિત બાળકોને ઓઆરડબ્લ્યુ ગીતાબેન પટેલની મધ્યસ્થી દ્વારા કપડાનું વિતરણ કરવામાં આવ્યું. બાળકોના માપ લઈ આ સંસ્થા દ્વારા કપડા વિના મૂલ્યે અપાયા હતા.આ બાળકોમાં દેડીયાપાડા તાલુકા અને સાગબારા તાલુકાના વધુ બાળકો હોવાથી ઓઆરડબલ્યુ ગીતાબેન પટેલે બાળકો ના ઘરે પહોંચી કપડાં આપ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે આ સંસ્થા દ્વારા અનેક સેવાકાર્યો કરે છે.જેમાં સંસ્થાના કલ્પેશભાઈ મહાજન,રાકેશભાઈ પંચોલી કમલેશભાઈ ચૌહાણ સહિતના હોદ્દેદારો દ્વારા તૈયાર ભોજન, અનાજ કીટ, કપડા,ગરમ વસ્ત્રો સહિતની સેવા પૂરી પાડવામાં આવી છે.

રિપોર્ટ: જ્યોતિ જગતાપ, રાજપીપળા

ઈડરના લીંભોઈ રોડ પર બેફામ કારચાલકે રિક્ષાચાલકને ઉડાવ્યો

ઈડરના લીંભોઈથી ગંભીરપુરા તરફ જઈ રહેલા રિક્ષાચલાકને બેફામ કારચાલકે રોંગ સાઈડ આવી ટક્કર મારતા રીક્ષા રોડ સાઈડમા ઉતરી ગઈ હતી અને અંદર બેસેલ પસેન્જરો અને રીક્ષાચાલકને માથાના ભાગે અને હાથે પગે ગંભીર ઈજાઓ થઈ હતી બેફામ કારચાલક ગંભીર અકસ્માત સર્જી નાસી છૂટ્યો હતો અકસ્માતવાળી કાર લઈને ભાગતા કાર લિભોઈ રોડ પર ખોટકાતા કારચાલક કાર મૂકી ફરાર થઈ ગયો અકસ્માતમા ગંભીર ઈજાઓ થતા ઈજાગ્રસ્તોને સારવાર માટે ૧૦૮ મારફતે ઈડરની પ્રાઈવેટ હોસ્પિટલ ખસેડાયા હતા જેમા રીક્ષાચાલક અને રિક્ષામા બેસેલ પેસેન્જરોને ગંભીર ઈજાઓ થતા પ્રાઈવેટ હોસ્પિટલમા સારવાર કરવામા આવી હતી જેમા કાર્તિકભાઈ બાબુભાઈ ઠાકરડા રહે. લિભોઈ. વધારે ગંભીર ઈજાઓ પહોંચી હતી જેમા સારવાર દરમિયાન મોત નીપજયુ હતુ વધુ તપાસ ઈડર પોલીસ કાર્યવાહી હાથ ધરી હતી.

માલજીદેસાઈ ઈડર

જમાલપુર ખાડિયાના કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ

AIMIMના ગુજરાત પ્રમુખ સાબીર કાબલીવાલાને વિધાનસભા ચૂંટણી લડવા માટે પડકાર ફેંક્યો

અમદાવાદ

જમાલપુર ખાડિયાના કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ AIMIMના ગુજરાત પ્રમુખ સાબીર કાબલીવાલાને સોશિયલ મીડિયા મારફતે વિધાનસભા ચૂંટણી લડવા માટે પડકાર ફેંક્યો છે. જો કે, ઈમરાન પોતે જમાલપુર વોર્ડમં પોતાના કાઉન્સિલરોને જીતાડવા માટે નિષ્ફળ રહ્યો છે. જમાલપુર વોર્ડની તમામ બેઠકો પર એવૈસીની પાર્ટીએ કબ્જો જમાવી લીધો છે અને ખાડિયામાં પણ કોંગ્રેસને મોટો ફટકો પડ્યો છે. આ હારને લઈ કોંગી નેતાઓમાં ભારે નિરાશા જોવા મળી રહી છે. અમદાવાદમાં જયારથી AIMIMની એન્ટ્રી થઈ છે ત્યારથી મુસ્લિમ વિસ્તારના લોકોમાં ભારે ખુશીની લાગણી જોવા મળી રહી છે અને લોકોનો ઈમરાન ખેડાવાલા પરથી ભરોસો ઉઠી ગયો હોય તે રીતે કોંગ્રેસને આ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં જવાબ આપ્યો હતો. જો કે, ચૂંટણી પહેલા ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ સોશિયલ મીડિયાના માધ્યમથી AIMIMના ગુજરાત પ્રમુખ સાબીર કાબલીવાલાને ચેલેન્જ ફેંક્યો હતો અને જણાવ્યું હતુ કે, જો તાકાત હોય તો ધારાસભ્યની ચૂંટણી લડો અને તેમના જીતી બતાવો. તેની સામે કાબલી વાલાએ વળતા જવાબમાં જણાવ્યું છે કે, ખેડાવાલા અત્યારે રાજકારણમાં નાનો બાળક છે.જો કે, તે મોટી વાતો કરવી હવે ખેડાવાલાને ભારે પડી છે. હાલ ચૂંટણીના પરિણામો આવતા જનતાએ પોતાના સાચા ઉમેદવારો પસંદ કરી કોંગ્રેસને જવાબ આપ્યો છે. જેથી ખાડિયા-જમાલપુરના કોંગી ધારાસભ્ય ખેડાવાલાએ જાહેરમાં લોકોને મોં બતાવવું ભારે પડ્યું છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામો આવ્યા છે એટલે આગામી સમયમાં આવનારી ધારાસભ્યની ચૂંટણીમાં પણ જમાલપુર-ખાડિયાની પ્રજા કોંગ્રસને વોટ નહી આપે તેવી શક્યતા સેવાઈ રહી છે. તમને જણાવી દઈએ કે, ૨૦૧૭માં ખેડાવાલાએ ભાજપમાં જવાની ધમકી આપી હતી જેથી કોંગ્રેસ ડરી ગઈ હતી અને તેને ટિકિટ આપી દીધી હતી, કોંગ્રેસમાં ખેડાવાલાનું આગમન થતા સાબીક કાબલીવાલાને પાર્ટી છોડી દીધી હતી. જો કે, તે સમયનો જવાબ સાબીર કાબલીવાલાએ AIMIMની પાર્ટીમાં ગુજરાત પ્રમુખ બની પોતાના ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા હતા અને કોંગ્રેસને જબાવ આપ્યો છે. જો કે, આ પહેલા ટિકિટ વહેંચણી મામલે ખેડાવાલા પર લોકોએ આક્ષેપો કર્યા હતા અને કોંગ્રેસને તે સમયથી જ બાયકોટ કરવા માટેની પહેલ પ્રજાએ શરુ કરી દીધી હતી અને તે મોકો જોઈ AIMIMએ બાજી મારી દીધી છે. હાલ કોંગ્રેસના કાર્યકરોની જમાલપુરમાં એવી સ્થિતિ છે કે, તેઓ મોં દેખાડવા માટે બહાર પણ ફરી શકતા નથી.ફોટો સ્ટોરી કુશલભાઈ ભટ્ટ

માલપુરમાં કારનું ટાયર ફાટતા રોડ નજીક કાર,રીક્ષા અને નાસ્તાની લારીને ટક્કર મારી

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લાના માર્ગો અકસ્માતની ઘટનાના પગલે સતત રક્તરંજીત બની રહ્યા છે મોડાસા-શામળાજી રોડ પર જીવણપુર બસ સ્ટેન્ડ નજીક વધુ એક હીટ એન્ડ રનની ઘટના સર્જાઈ હતી પુત્રની રાહ જોઈ રહેલી માતાને લકઝરી બસે ટક્કર મારતા રોડ પર પટકાયેલ મહિલાના માથાના ભાગે તોતીંગ ટાયર ફરી વળતા ઘટનાસ્થળે કામકમાટી ભર્યું મોત નીપજયું હતું અન્ય એક અકસ્માતમાં માલપુર બસ સ્ટેન્ડ નજીકથી પસાર થતી કારનું ટાયર ફાટતા કાર ચાલકે સ્ટીયરીગ પરથી કાબુ ગુમાવતા રોડ નજીક રહેલી નાસ્તાની લારી,રીક્ષા અને કારને ધડાકાભેર ટક્કર મારતા ભારે અફડાતફડી મચી હતી સદનસીબે અકસ્માતમાં કોઈ જાનહાની ન થતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો . મંગળવારે રાત્રે મોડાસા-શામળાજી રોડ પર આવેલ જીવણપુર બસ સ્ટેન્ડ પર પુત્રની રાહ જોઈ ઉભા રહેલા દાવલી ગામના સવિતાબેન નામની મહિલાને લકઝરી બસના ચાલકે અડફેટે લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો મહિલા લકઝરી બસની ટક્કરે રોડ પર પટકાતા બસના ટાયર મહિલાના માથા પર ફરી વળતા મહિલાનું ઘટનાસ્થળે પ્રાણપંખેરું ઉડી ગયું હતું અકસ્માત સર્જી લકઝરી બસનો ચાલક લકઝરી સાથે ફરાર થઈ ગયો હતું અકસ્માતની ઘટનાના પગલે લોકો દોડી આવ્યા હતા પુત્ર પણ આવી પહોંચતા ભારે આક્રંદ કરી મૂક્યું હતું અકસ્માતની ઘટનાના પગલે મોડાસા રૂરલ પોલીસ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી મૃતક મહિલાની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી અકસ્માતની ઘટનાને અંજામ આપી ફરાર લકઝરી બસના ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

માલપુર બસ સ્ટેન્ડ નજીક હરિયાણા થી સુરત પરત ફરી રહેલ યુવકની સ્વીફ્ટ કારનું ટાયર ધડાકાભેર ફાટતા કાર ચાલકે સ્ટીયરીગ પરથી કાબુ ગુમાવતા રોડ પરથી નીચે ઉતરી સાઈડમાં ઉભી રહેલી રીક્ષા અને કારને અડફેટે લઈ રોડ નજીક ઉભેલી નાસ્તાની લારી સાથે ધડામ કરતી ભટકતા લોકોમાં નાસભાગ મચી હતી સદ્નસીબે નાસ્તાની લારી પર કોઈ ગ્રાહક ન હોવાથી મોટી જાનહાની ટળી હતી

અકસ્માતમાં કારના આગળના ભાગનો કડૂચલો વળી ગયો હતો સદનસીબે કાર ચાલક યુવકનો પણ આબાદ બચાવ થયો હતો બેકાબુ બનેલ કારે બે વાહનો અને નાસ્તાની લારીને અડફેટે લેતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા અકસ્માતમાં કોઈ અઘટીત ઘટના ન બનતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો માલપુર પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી હતી

ભરુચના સાંસદ મનસુખભાઈ વસાવાએ ખેસ પહેરાવ્યો.

ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખસી.આર.પાટીલના રાજપીપળામા આગમન ટાણે જાણીતા વરિષ્ઠ પત્રકાર, લેખક દીપક જગતાપ ભાજપામા જોડાયા

રાજપીપળા તા.૨૪

ભારતીય જનતાપાર્ટી ના ગુજરાત પ્રદેશ પ્રમુખસી.આર.પાટીલના રાજપીપળામા આગમન ટાણે જાણીતા પત્રકાર લેખકશિક્ષણ અને અનેક સમાજિક સેવાભાવી સંસ્થાઓ સાથે સંકળાયેલ દીપક જગતાપ ભાજપામા જોડાયા હતા.એપીએમ સી ખાતે સીઆર પાટીલ ની જાહેરસભામાં મંચ પરથી ભરુચના સાંસદ મનસુખભાઈ વસાવાએ ખેસ પહેરાવી ભાજપા મા પ્રવેશ કરાવી પાર્ટી માઆવકાર્યા હતા

આ પ્રસંગે છોટાઉદેપુર ના સાંસદ ગીતાબેન રાઠવા.પ્રદેશ ઉપપ્રમુખ ભારત સિંહજી પરમાર, માજી વન મંત્રી શબ્દશ રણ તડવી, મોતિસિંહ વસાવા, માજી ધારાસભ્ય હર્ષદ વસાવા, જિલ્લા ભાજપા પ્રમુખઘનશ્યામ પટેલ સહિત ના વરિષ્ઠ આગેવાનોને પણ દીપક જગતાપ ના ભાજપા પ્રવેશ ને આવકારી તાળીઓથી વધાવી અભિનદન પાઠવ્યા હતા. તેમણે સૌનો આભાર પ્રગટ કર્યોહતો.

આ પ્રસંગે બુધ્ધિજીવીઓમા જાણીતા વરિષ્ઠ પત્રકાર,લેખક દીપક જગતાપ ભાજપામા જોડાયા હતા. સાંસદ મનસુખ વસાવાએ ખેસ પહેરાવી ભાજપમાં પ્રવેશ કરાવી તેમને આવકાર્યા હતા.આ પ્રસંગે દીપક ભાઈએ ગુજરાત પ્રદેશ પ્રમુખ સી આર પાટીલને પુષ્પ હાર પહેરાવી તેમનુ અભિવાદન કર્યુ હતું.

જેમને હમણા જ ૨૦૨૧નો નેશનલ લેવલ નો એક્ષીલન્સ એવોર્ડ એનાયત થયો છે. અને આ આગાઉ અનેક પ્રતિષ્ઠિત એવોર્ડથી સન્માનિત થઇ ચૂક્યા છે. એવા દીપક જગતાપ સેવાભાવી અને રક્તદાતા પણ છે. જેમનું નામ ગુજરાત હુઝ હું અને એશિયા પેસીફીક હુંજ હું મા સ્થાન પામી ચુકયુ છે. જેમના ૧૨થી વધુ વિજ્ઞાન અને અન્ય પુસ્તકો પ્રકાશિતથયા છે. અને ગુજરાત સરકાર દ્વારા જેમના પુસ્તકો એવોર્ડેડ થઇ ચૂક્યાછે. જેમના ૨૦૦૦થી વધુ લેખો પ્રતિષ્ઠિત અખબારો, સામયિકોમા પ્રકાશિત થઇ ચૂક્યા છે. આકાશવાણી ઓલઈન્ડિયા રેડિયો પર, ટીવી પર તેમના કાર્યક્રમો પ્રસારિત થઇ ચૂક્યા છે એવા જાણીતા લેખક પત્રકાર દીપક ભાઈ જગતાપ નું આજે ભારતીય જનતા પાર્ટીમા સામેલ થતા શુભેચ્છકોએ તેમને આવકાર્યા હતા.

તસવીરઃ જ્યોતિ જગતાપ રાજપીપળા

મોડાસામાં ઓવૈસીએ સભા ગજવી,નગરપાલિકામાં ઉમેદવારોને જંગી બહુમતીથી વિજય બનાવવા આહવાન

અરવલ્લી બ્યુરો મોડાસા

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો જંગ જામી રહ્યો છે. તમામ પાર્ટીઓ ચૂંટણી પ્રચાર કરી રહી છે. ત્યારે આ ચૂંટણીમાં અસદુદ્દીન ઓવૈસી ની પાર્ટી AIMIM ની પણ એન્ટ્રી થઈ છે.મોડાસા નાગરપાલિકમાં AIMIM ના ૧૨ ઉમેદવારો ચૂંટણી જંગમાં જંપલાવ્યું છે ઉમેદવારોને વિજેતા બનાવવા AIMIM ના રાષ્ટ્રીય અધ્યક્ષ અસુઉદીન ઓવૈસીએ મોડાસા ખાતે પહોંચી ઉમેદવારોના સમર્થનમાં જંગી સભા સંબોધી હતી આ સભામાં તેમણે ભાજપ કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા તેમજ મોડાસામાં સુકાબજારમાં આવેલ મસ્જીદમાં થયેલ બોંબ્લાસ્ટ અને ગોધરા રમખાણોને યાદ કર્યા હતા ઓવૈસીને સાંભળવા જનમેદની ઉમટી હતી .

ઓવૈસીએ મોડાસા ખાતે ચૂંટણી સભાને સંબોધન કરતા કહ્યું કે, અમે ગુજરાતમાં પોતાના રાજકીય સફરની શરૂઆત કરવા જઈ રહ્યાં છીએ. ખુદાને ખબર છે કે અમારા મનમાં શું છે, અમને વિશ્વાસ છે કે અલ્લાહ અમને મદદ કરશે. તેમણે કહ્યું કે, આ સફર માત્ર ચૂંટણી માટે નથી. અલ્લાહ ઈચ્છશે તો મજલિશ દુનિયાના અંત સુધી ગુજરાતમાં રહેશે. તેમણે કહ્યું કે, હું અહીં મારા માટે આવ્યો નથી. હું જમાતના બાળકો અને માતાઓ માટે અહીં આવ્યો છું.

ઓવૈસી મોડાસામાં જનમેદનીને સંબોધતા જણાવ્યું હતું કે આ મોદી-શાહનું નહીં, મહાત્મા ગાંધીનું ગુજરાત છે, ઓવૈસીએ લોકોને કહ્યું કે, તમારે યાદ કરવાની જરૂર છે કે છેલ્લા ૭૦ વર્ષમાં તમને શું મળ્યું. રાજકીય પાર્ટીઓએ તેમને શું આપ્યું છે. અમારી ઈચ્છા અહીં લોકોને એક સારો વિકલ્પ આપવાની છે. તો તેમણે ભાજપ, કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. મહત્વનું છે કે ઓવૈસીએ ગુજરાતમાં છોટુ વસાવાની પાર્ટી બીટીપી સાથે ગઠબંધન કર્યુ છે. તેમણે કહ્યુ કે, આગામી સમયમાં અમારા ધારાસભ્ય પણ વિધાનસભામાં જોવા મળશે.

નર્મદા જિલ્લામાં ૧૯૧ જેટલા સંબંધે તિલક વિસ્તારો બુથોમાં ખાસ પોલીસની વોચ અને સુરક્ષા રહેશે

રાજપીપળા નગરમાં ફ્લેગમાર્ચ યોજાઈ નગરના મુખ્ય માર્ગો પર ફરેલી ફ્લેગમાર્ચ

નર્મદા જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી પ્રચારની સુરક્ષા અને સલામતી માટે દરેક મતદાન મથકો ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાશે.



રાજપીપળા,તા. ૨૪

આગામી ૨૮ ફેબ્રુઆરીના દિવસે નર્મદા જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી યોજાનાર છે. ત્યારે તમામ મતદાન મથકો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત યોજવાનો છે.ત્યારે આમ પ્રજાને તેમ જ મતદારોને સુરક્ષા મળી રહે મતદાનના દિવસે કોઈ અનિચ્છનીય બનાવ ના બને તેવા હેતુસર અદા પોલીસ વડા હિમકરસિંહની સૂચના થી રાજપીપળા નગરમાં ફ્લેગ માર્ચ યોજવામાં આવી હતી.જે ફ્લેગમાર્ચ નગરના મુખ્ય માર્ગો પર ફરી હતી.જે લોક આકર્ષણનું કેન્દ્ર બની હતી.

આ ફ્લેગમાર્ચ માં ડીવાયએસપી રાજેશ પરમાર સહીદ,પી.આઈ આર.એ.જાદવ,એલસીબી પીઆઇ અલ્પેશ પટેલ,એસઓજી પીઆઇ કે. ડી. જાટ સહિત પોલીસ જવાનોની ઉપસ્થિતિમાં રાજપીપળા પોલીસ સ્ટેશન ખાતેથી નીકળેલી ફ્લેગમાર્ચ રાજપીપળા શહેરના મુખ્ય માર્ગો ઉપર ફરી હતી.આ અંગે જિલ્લા પોલીસ વડા હિંમકરસિંહે જણાવ્યું હતું કે નર્મદા જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં પ્રજાની સુરક્ષા અને સલામતી માટે દરેક મતદાન મથકો ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાશે.

આ પ્રસંગે ડીવાયએસપી રાજેશ પરમારે જણાવ્યું હતું કે નર્મદા જિલ્લામાં ૧૯૧ જેટલા સંવેદનશીલ વિસ્તારો બુથો છે.જેમાં ખાસ પોલીસની વોચ અને સુરક્ષા રહેશે રાજપીપળા સહિત તમામ તાલુકા મથકો પર પોલીસ દ્વારા ફ્લેગમાર્ચ યુદ્ધ કરવામાં આવી.જેમાં લોકોને ચૂંટણીમાં શાંતિનો માહોલ લાગે સાથે અસામાજીક તત્વોમાં ડર ઉભો થાય એટલે ફ્લેગમાર્ચ ઓ કરવામાં આવી છે. જીલ્લા પોલીસ અધિક્ષકની સૂચના મુજબ પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે પોલીસ હાલ પણ ચૂંટણીને લગતી સુરક્ષા ઓ માં ફરજ નિભાવી રહી છે.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

પાલનપુર નગરપાલિકાની ચૂંટણીને લઈને વોર્ડ નંબર ૧૦ માં ભાજપ ના ઉમેદવાર દ્વારા પ્રચાર ઝુંબેશ વેગવંતો બન્યો

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

પાલનપુર નગરપાલિકાની ચૂંટણીને લઈને પ્રચાર ઝુંબેશ હવે વેગવંતો બન્યો છે પાલિકાની ચૂંટણીને લઈને ભાજપ-કોંગ્રેસના ઉમેદવારોના ચૂંટણી કાર્યાલય પણ શરૂ થઇ ચુક્યા છે ત્યારે મતદારોને રીઝવવા ઉમેદવારોએ હવે ડોર ટુ ડોર પ્રચાર આરંભી દીધો છે . પાલનપુર નગરપાલિકાની વોર્ડ નંબર ૧૦ ભાજપનો ગઢ ગણાય છે ત્યાં પણ ગતરોજ વિશાળ સમર્થકોની ઉપસ્થિતિમાં ભાજપના ચૂંટણી કાર્યાલય ખુલ્લું મૂકાયું બાદ હવે ઉમેદવારો ટુ ડોર પ્રચાર શરૂ કર્યો છે ભાજપના ઉમેદવાર હસમુખ પઢીયાર, જાગૃતિબેન મહેતા,જાગૃતિબેન મોઢ,જયશ્રીબેન પરમાર તેમના સમર્થકો સાથે પ્રચાર ઝુંબેશ શરૂ કરી દીધું છે વોર્ડ નંબર ૧૦ મા ફરી ભાજપ ની પેનલ નો વિજય થાય અને વોર્ડ નંબર ૧૦ ની સેવા કરવા નો લાભ ભાજપની પેનલને મળે તેવા એંધાણ વર્તાઇ રહ્યા છે ત્યારે વોર્ડ નંબર ૧૦ માં ભાજપની જંગી બહુમતી થી વિજય થાય તે માટે હરેશભાઇ ચૌધરી જિલ્લા યુવા મોરચા પ્રમુખ, દેવેનભાઈ રાવલ,દીક્ષિતભાઈ ચૌધરી વોર્ડ નંબર ૧૦ ના ઇન્ચાર્જ સોહન ભાઈ બોરવલ,સહ ઇન્ચાર્જ પીયૂષભાઈ ચૌધરી તેમજ ભાજપ ના અગ્રણીઓએ પણ અપાર જહેમત ઉઠાવી રહ્યા છે

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.